ઑગસ્ટ ૨૦૨૫

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦



કોઈને દોઢ નંબરના ચશ્મા હોય અને
કોઈને ચશ્મા ના હોય તો ફેર પડે ને ?
મહાત્માઓને અંશ સત્તાનું પ્રગટપણું,
દાદાશ્રીને ૩૫૬ ડિગ્રી જેટલી સત્તાનું પ્રગટપણું,
અને તીર્થંકરો તો સંપૂર્ણ સ્વસત્તાધારી !





# આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈનો યુ.એસ.એ. - કેનેડાનો સત્સંગ પ્રવાસ : જૂન - જુલાઈ ૨૦૨૫

## એલનટાઉન : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૪ - ૧૫ જૂન ૨૦૨૫




## ટોરેન્ટો : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૦ - ૨૧ જૂન ૨૦૨૫




## ઓટાવા : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૩ - ૨૪ જૂન ૨૦૨૫



વર્ષ : ૩૦, અંક : ૧૨
સળંગ અંક : ૩૬૦
**ઓગષ્ટ ૨૦૨૫**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2025
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** ‘મહાવિદેહ ફાઉન્ડેશન’ના નામે મોકલવો.

# દાદાવાણી

## અંશ સ્વસત્તા - સર્વાંશ સ્વસત્તા

### સંપાદકીય

જગતમાં બે પ્રકારની સત્તાઓ; એક ‘પુદ્‌ગલ’ વિભાગની પરસત્તા અને બીજી ‘પોતાના’ વિભાગની સ્વસત્તા. આત્મજ્ઞાન થતા પહેલા મહાત્માઓનો ‘હું’ પરક્ષેત્રે અને પરસત્તામાં હતો. જ્ઞાન મળતાની સાથે ‘હું’ સ્વક્ષેત્રે અને સ્વસત્તામાં બેસે છે, એટલે પુરુષાર્થ અને પરાક્રમની શરૂઆત થાય છે. ‘હું ચંદુ છું’ એ રોંગ બિલીફ તૂટે છે અને ‘હું શુદ્ધાત્મા છું’ એ રાઈટ બિલીફ બેસે છે. એ રાઈટ બિલીફ જ સ્વસત્તા છે, જ્યારે રોંગ બિલીફ પરસત્તા છે. પરંતુ સ્વસત્તા બિલીફમાં રહે ત્યાં સુધી ક્ષાયક સમકિત છે અને સ્વસત્તામાં નિરંતર વર્ત્યા ત્યાં ભગવાન પદ એટલે કે પૂર્ણાહુતિ !

વકીલાતની ક્રિયા, વકીલાતનું જ્ઞાન, વકીલાતનો અહંકાર બધું પરસત્તા છે, તેનો જ્ઞાતા-દ્રષ્ટા તે સ્વસત્તા છે. આમ પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)એ પરસત્તા અને સ્વસત્તા વચ્ચેની લાઈન ઓફ ડિમાર્કેશન (ભેદરેખા) આપી છે. આપણે હોમ ડિપાર્ટમેન્ટમાં રહી આત્મા અને અનાત્માના સાંધાને એકાકાર નહીં થવા દેવાનો. અંતઃકરણ માત્ર જ્ઞેય છે અને પોતે જ્ઞાતા છે. જેટલો શુદ્ધ ઉપયોગ રહે તેટલી સ્વસત્તા ઉત્પન્ન થાય. એક કલાક શુદ્ધાત્માપદમાં બેસી પ્રતિક્રમણ થાય તો પણ સ્વસત્તાનો અનુભવ થાય.

દાદાશ્રીની કૃપાથી શુદ્ધાત્માની નિરંતરની પ્રતીતિ તો પ્રાપ્ત થઈ ગઈ છે, સ્વસત્તાનું સ્થાપન થઈ ગયું છે, પરંતુ અનુભવદશા એટલે કે સ્વસત્તાનું સંપૂર્ણ પ્રગટપણું પ્રાપ્ત થાય એ ધ્યેય હવે બાંધવા જેવો છે. દાદાશ્રી કહે છે, કે એ અનુભવ હમણાં નહીં થાય, એ તો જેમ જેમ ફાઈલો રૂપી દેવું વાળતા જશો તેમ તેમ સ્વસત્તા તમારા હાથમાં આવતી જશે. ડિસ્ચાર્જ અહંકાર જેમ જેમ ખલાસ થતો જશે, તેમ તેમ સ્વસત્તાનું પ્રગટપણું થતું જશે.

મૂળ આત્મા તો સ્વસત્તામાં જ રહ્યો છે, અજ્ઞાનીનેય સ્વસત્તામાં જ રહેલો છે. પોતાની મૂળ સત્તા શું ? કેવળજ્ઞાન સત્તા. એણે પોતાની સત્તા કદી છોડી જ નથી, અનંતકાળમાં એની સત્તાને કોઈ બીજા તત્વો કશું કરી શક્યા નથી. પોતે કેવળ પ્રકાશ સ્વરૂપ જ રહ્યો છે.

આત્મા ‘કેવળજ્ઞાન સ્વરૂપ’ છે પણ સત્તાએ કરીને ફેર છે. સત્તા એટલે આવરણને લઈને કેવળજ્ઞાન ના દેખાય, બહારનું દેખાય. સત્તા એની એ જ હોય. જેમ કોઈને દોઢ નંબરના ચશ્મા હોય અને કોઈને ચશ્મા ના હોય તો ફેર પડે ને ? મહાત્માઓને અંશ સત્તાનું પ્રગટપણું, દાદાશ્રીને ૩૫૬ ડિગ્રી જેટલી સત્તાનું પ્રગટપણું, અને તીર્થંકરો તો સંપૂર્ણ સ્વસત્તાધારી !

પાંચ આજ્ઞા પાલને કેવળજ્ઞાનના અંશોની શરૂઆત થઈ. હવે એ અંશો દિન-પ્રતિદિન પુરુષાર્થ થકી વૃદ્ધિ થાય, તેમજ પરસત્તા ને સ્વસત્તાનું સ્વરૂપ સર્વાંગે સમજીને સ્વસત્તાના ઉપયોગમાં નિરંતર વર્ધમાનપણું થાય ને પૂર્ણાહુતિ પદ પામીએ એ જ હૃદયપૂર્વક અભ્યર્થના !

**જય સચ્ચિદાનંદ.**

# અંશ સ્વસત્તા - સર્વાંશ સ્વસત્તા

## સ્વસત્તાના સાલિયાણાની સાહેબી જ જુદી

**પ્રશ્નકર્તા :** ''સાલિયાણા પરસત્તે જેને ના પોસાય રે, સ્વસત્તે 'તે' સાહેબી સમૃદ્ધ સિદ્ધ સહાયે રે...'' - કવિરાજ

**દાદાશ્રી :** હવે આમાં બે સત્તાઓ છે મહીં. ચંદુભાઈ નામ તમારું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** બે સત્તાઓ; એક આત્માની સત્તા છે, પોતાના ક્ષેત્રમાં. આત્મા ક્ષેત્રજ્ઞ છે. એ પોતાના ક્ષેત્રમાં પોતાને ક્ષેત્રજ્ઞ છે અને જો પરાયા ક્ષેત્રમાં પેઠો, અનાત્મ વિભાગમાં, તો ક્ષેત્રાકાર થઈ જાય. આ પરક્ષેત્રમાં પેઠેલા છે.

'સાલિયાણા પરસત્તે ના પોસાય.' આ સાલિયાણા (સાલિયાણું-નિવૃત્ત કરાયેલા રાજવીઓને મળતું વર્ષાસન) જે છે ને અત્યારે, અત્યારે જે આપણે ભોગવીએ છીએ, એ આપણી સત્તાનું નથી. આ જેમ આ રાજાઓનું રાજ લઈ લીધા પછી સાલિયાણું બાંધી આપે છે ને, તે કંઈ કાયમનું થઈ ગયું ? પછી એક બીજો ઠરાવ થાય તે દહાડે ઉડાડી મેલે મૂઆ. એટલે આપણી સત્તાની નથી આ વસ્તુ. સત્તાનું હોય તો આપણે કશું આઘુંપાછું થવા જ ના દઈએ ને ! પરસત્તા છે.

અને પછી કહે છે, જેને સાલિયાણા પરસત્તે ના પોસાય. કે બળ્યું ! આ આમાં આપણે બંધન ને આના બંધાયેલા. એ જેમ રાખે તેમ રહેવાનું, એ કેમ પોસાય કહે છે ? આપણું સ્વતંત્ર શું છે ? એટલે સ્વસત્તા ઉત્પન્ન થાય ત્યારે સાહેબી ઉત્પન્ન થાય. જેમ આ ભાઈ (મહાત્મા) કહે છે ને, મારે સાહેબી છે. ભલે ને લક્ષ્મી ના હોય, તેનો વાંધો નથી. બીજી બધી અડચણો હોય તેનો વાંધો નથી. પણ સાહેબી મહીં જોઈએ. કેવી ? ભય ના લાગે, ચિંતા ના થાય, ઉપાધિ ના થાય, શરીરમાં. સમાધિ રહે. પછી એના જેવી સાહેબી કઈ વળી ? સમાધિ ન જાય એવી સાહેબી તો જોઈએ ને ?

જો આત્મજ્ઞાન કરાવડાવે એવા જ્ઞાની પુરુષ હોય તો પછી બીજું કામ જ શું કરવાનું રહ્યું ? એને માટે તો આપણે ભટકીએ છીએ અનંત અવતારથી. અનંત અવતારથી એ જ હેતુ છે ને, બીજો કયો હેતુ છે ? કેમ કરીને ઠરીએ આપણે આપણા દેશમાં જઈને ! અને આ આત્મા છે તે પરમાત્મ શક્તિ આખી દબાઈ રહેલી છે. અને ત્યાં સુધી આ પરસત્તાના (સાલિયાણા લેવાના.) આ બધી શું કહેવાય ?

**પ્રશ્નકર્તા :** પરસત્તાઓ બધી.

**દાદાશ્રી :** હા, તે હમણે એમણે ગાયું ને ! આ સાલિયાણા પરસત્તાના ક્યાં સુધી એ કહે છે. એ તો સ્વસત્તાનું સાલિયાણું હોય. ક્ષેત્રજ્ઞ થઈ જાય તો પછી ભાંજગડ જ નહીં ને !

અમે (તમને) તમારી સ્વસત્તામાં બેસાડીએ. એ તો એની સાહેબી જ જુદી હોય. એ સાહેબી જ જુદી જાતની હોય. મોઢા પર દિવેલ-બિવેલ પછી આવે નહીં.

## સ્વસત્તામાં આવ્યે થાય સ્વતંત્ર

**પ્રશ્નકર્તા :** હમણાં આ જે આપે કહ્યું કે પરતંત્રતામાંથી સ્વતંત્રતામાં આવવાનો પ્રયત્ન રહેવો જોઈએ, પરસત્તામાંથી સ્વસત્તા.

**દાદાશ્રી :** હા, એટલે એ ભાવ રહેવો જોઈએ કે હું મારા સ્વરૂપ ભાવમાં આવી શકું.

**પ્રશ્નકર્તા :** હવે એ પરસત્તામાંથી સ્વસત્તામાં કોઈ આવી ગયો એ સ્થિતિને શું કહેવું ?

**દાદાશ્રી :** એ સ્વરૂપનું ભાન થઈ ગયું કહેવાય. સ્વરૂપનું ભાન થયે સ્વતંત્ર થવા માંડે પછી ત્યાંથી. એટલે જે પરતંત્રતાનો જે ભાગ છે પહેલાનો, તે ત્યાંના બધા ચોપડા ચોખ્ખા કરવા માંડે.

**પ્રશ્નકર્તા :** ના, એટલે એને મોક્ષની સ્થિતિ સમજવી ?

**દાદાશ્રી :** ચોક્કસ, ચોક્કસ. પોતે પોતાનું ભાન થઈ ગયું એટલે પછી મોક્ષ જ થઈ ગયો ને !

**પ્રશ્નકર્તા :** એટલે પરસત્તામાંથી સ્વસત્તામાં જે આવ્યો એ મોક્ષની સ્થિતિ.

**દાદાશ્રી :** હા, સ્થિતિ એટલે પહેલી, મને મોક્ષ થયો છે એવી શ્રદ્ધા બેસે પોતાને. હું મુક્ત થયો છું બધાથી હવે, એવી શ્રદ્ધા બેસે. પછી દિવસે દિવસે વિશેષ જ્ઞાન વધતું જાય એને એ પ્રમાણમાં, અને પછી વર્તન આવે એટલું એક્ઝેક્ટ. એક્ઝેક્ટનેસમાં આવી જાય.

## સ્વસત્તાને આવરણ રહિત કરી આપે જ્ઞાની

**પ્રશ્નકર્તા :** આ પોતે (સ્વતંત્ર) થવું, એ થવા માટે પોતાની સ્વતંત્રતા ખરી ?

**દાદાશ્રી :** સ્વતંત્રતા નહીં, એનો રસ્તો એ સ્વતંત્રતા. એનું જ્ઞાન એ સ્વતંત્રતા છે. એના જ્ઞાને જોઈને ચાલીએ, એને માટે જે રસ્તો છે એ જ્ઞાનપૂર્વક ચાલીએ તો. પણ જ્ઞાનના આધીન છે, તમારા પોતાને આધીન નથી એ.

**પ્રશ્નકર્તા :** હવે એ સ્વતંત્ર થવાના રસ્તાનું જ્ઞાન મળવું એ પોતાની સ્વતંત્રતા ?

**દાદાશ્રી :** એનાથી જ પહોંચી શકાય, નહીં તો પહોંચાય નહીં.

**પ્રશ્નકર્તા :** પણ એ હાથમાં ખરું પોતાના ?

**દાદાશ્રી :** હા, જ્ઞાની પુરુષ હોય તો બધુંય સત્તા હોય, તમામ સત્તા હોય.

**પ્રશ્નકર્તા :** પોતાને નહીં, એટલે બીજા કોઈ હોય જ્ઞાની, તે જ સ્વતંત્ર કરાવે એવું થયું ? પોતે પોતાની રીતે સ્વતંત્ર ના થઈ શકે ને ?

**દાદાશ્રી :** ના.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન મળે તોય ? પણ જ્ઞાની જ જોઈએ બીજો ?

**દાદાશ્રી :** નહીં, જ્ઞાનને રસ્તે સ્વતંત્ર થઈ શકે. એ જો પોતાને રસ્તો જ્ઞાનનો ખબર હોય ઠેઠ સુધીનો, તો સ્વતંત્ર થઈ શકે. પણ હોય કેવી રીતે ? હોય તો જ્ઞાની થઈ ગયો કહેવાય.

કૃપાળુદેવે લખ્યું, 'એ જ્ઞાની પુરુષ ચાહે સો આપી શકે.' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** ચાહે સો આપી શકે.

**દાદાશ્રી :** હા, સત્તા છે. જેમ એક રાજાની પાવર ઑફ એટર્ની બીજાને આપી હોય, તો પાવર ઑફ એટર્નીવાળા કરે કે ના કરે ? એવા 'સત્ પુરુષ એ જ દેહધારી પરમાત્મા છે', એવું કહ્યું છે કૃપાળુદેવે.

જ્ઞાની પુરુષ છે જે એ દેહધારી પરમાત્મા કહેવાય. એમને પોતાની (બધી) ભૂલ દેખાય. બીજા કોઈની જરૂર ના હોય દેખાડનારની. તમારી ભૂલ તો તમને દેખાય જ નહીં, તમે બીજાની ભૂલ કાઢી શકો. બીજાની ભૂલ કાઢતા આવડે કે ના આવડે ? તમારી ભૂલ દેખાય છે બહુ ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એનું શું કારણ ? સત્તામાં જ

નથી પોતે. પોતાની સત્તામાં આવ્યા પછી બધી જ પોતાની ભૂલ દેખાય.

એટલે જ્ઞાની પુરુષ મળે તો ઉકેલ છે, નહીં તો ઉકેલ આવે એવો નથી. તેથી જ્ઞાની પુરુષની જરૂરિયાત. કારણ કે નિમિત્ત છે એ. નિમિત્ત વગર તો ઉપાદાન જાગ્રત થાય નહીં. એ નિમિત્ત મળે તો ઉપાદાન જાગ્રત થાય. ઉપાદાન તો છે જ, મહીં સત્તા તો છે જ, પણ સત્તાને આવરણ રહિત કોણ કરી આપે ? જ્ઞાની પુરુષ. એ સત્તા ઉપરથી આવરણ ખસેડ્યું એટલે તમે તમારી સત્તામાં આવી ગયા.

## પરસત્તા બધી વિનાશી, સ્વસત્તા અવિનાશી

સ્વક્ષેત્રમાં આવે, સ્વદ્રવ્યમાં આવે ત્યારે સ્વસત્તા પ્રાપ્ત થાય. આ તો પરદ્રવ્યમાં છે ને પરક્ષેત્રમાં છે. એટલે એક (વાળ પૂરતી) પણ સત્તા નથી. આ લોકો ભ્રાંતિથી માને છે કે મને આ સત્તા છે, એ ભ્રાંતિ છે.

મૂળ ભ્રાંતિમાં 'હું કરું છું', 'તે કરે છે' ને 'તેઓ કરે છે', એ એની બિગિનિંગ શરૂઆત છે ભ્રાંતિની. જ્યારે જ્યોતિર્મય જ્ઞાન કેવું છે, કે 'હું કરું છું' એ બોલે ખરા વ્યવહાર માટે, 'તે કરે છે' એવુંય બોલે એ, પણ તે વ્યવહારથી બોલે, એક્ઝેક્ટ ના બોલે. 'કરે જ છે', એવું ના બોલે. વહેવારની ખાતર, ભાષા બોલવા ખાતર (બોલે.) કારણ કે કોઈ કરતો જ નથી આ જગતમાં. બીજી જ સત્તા કરી રહી છે અને પોતે માને છે કે 'હું કરું છું.' પરસત્તાની લોકોને ખબર જ નથી ને ! તે પરસત્તા બધી વિનાશી હોય. સ્વસત્તા અવિનાશી હોય.

## કરવાની સત્તા નહીં, સમજવાની સત્તા ખરી

**પ્રશ્નકર્તા :** જેમ કરવાની સત્તા નથી, એમ સમજવાનીયે સત્તા ક્યાં છે ?

**દાદાશ્રી :** સમજવાની સત્તા છે.

**પ્રશ્નકર્તા :** જાણવાની સત્તા. તો કઈ ? કેવી રીતે ?

**દાદાશ્રી :** સમજવાની સત્તા બધી છે. હું સમજાવનાર હોય તો સામો સમજનાર આત્માવાળો છે એને સમજાવી શકું છું, કોઈ પણ માણસને. એની પાસે આત્મા હોવો જોઈએ. બધું સમજાવી શકે. સમજવાની બહુ શક્તિ ધરાવે છે, જાણવાની શક્તિ ધરાવે છે, પણ કરવાની સત્તા નથી.

## જ્ઞાની કરાવે સ્વસત્તાનું ભાન

**પ્રશ્નકર્તા :** આપે વ્યવસ્થિત કહ્યું, એ જ પરસત્તા ને ?

**દાદાશ્રી :** વ્યવસ્થિત જુદું છે. પરસત્તા તો આપણે જે આ બધું કરીએ છીએ એ બધું પરસત્તા છે. એટલે પરસત્તા આપણે વ્યવસ્થિતને તાબે કહીએ તો ચાલે.

સ્વસત્તા સ્વરૂપની સત્તા છે અને આ બીજી બધી આ સંસારની કાર્ય કરવાની જે સત્તા છે, એ પરસત્તા છે. પરસત્તા અને પોતાની સ્વસત્તા બન્નેય જુદી જ છે. પણ એ ભાન થયું નથી, અભાનપણે ચાલે છે. એનું ભાન અમે કરાવીએ.

પોતાનું સ્વરૂપ, આત્મજ્ઞાન જાણવાનું છે. બીજી પરસત્તા છે. તમે કોઈકની સત્તામાં ફસાયેલા છો. પોતાની સત્તા ઉત્પન્ન થાય તો પુરુષાર્થ ઉત્પન્ન થાય, સ્વ પરાક્રમ ઉત્પન્ન થાય. બીજી ખાવાપીવાની પરસત્તાની જંજાળો તો અમને પણ વળગેલી છે. પણ અમને સ્વ સત્તા પ્રાપ્ત થઈ છે. સ્વ પરાક્રમ ને સ્વ પુરુષાર્થ !

પોતાની સત્તા પ્રાપ્ત થાય તો પરમાત્મ સત્તા પ્રાપ્ત થાય છે અને બંધન રહિત મોક્ષ દશા પ્રાપ્ત થાય. મોક્ષમાં રહે એટલે બંધન રહિત દશામાં રહી શકાય. અને છતાં પરસત્તા તો રહેવાની.

## બેઠું 'હું' હવે સ્વક્ષેત્રે ને સ્વસત્તામાં

**પ્રશ્નકર્તા :** આપણી સત્તા જ નથી, તો પછી પુરુષાર્થ ને પરાક્રમ રહ્યા જ નહીં ને ?

**દાદાશ્રી :** ના, સત્તા તે તો કોની સત્તા ? આપણે આ પુદ્‌ગલ જોડે સત્તા ના રહી, પણ આપણી પોતાની સ્વસત્તા તો હાથમાં આવી ને હવે ! પુરુષ થયો એટલે પોતાની સ્વસત્તા અને પોતાના પરાક્રમમાં આવ્યા, પરાક્રમ ! પેલી સત્તા નહીં.

આપણું 'હું' પહેલા પરક્ષેત્રે ને પરસત્તામાં હતું, હવે એ 'હું' સ્વક્ષેત્રે ને સ્વસત્તામાં બેઠું. એટલે પુરુષાર્થ ને પરાક્રમ શરૂઆત થશે. સ્વસત્તા જાગે એટલે થઈ રહ્યું, ખલાસ થઈ ગયું. પુરુષ ને પ્રકૃતિ બે જુદા પડી ગયા, આ પુરુષ થઈ ગયો. સ્વસત્તામાં આવી જાય ત્યાર પછી ભગવાન કહેવાય. પુરુષ થયા પછી પુરુષાર્થમાં આવે ત્યારે ભગવાન કહેવાય. ને જ્યાં સુધી પ્રકૃતિની સત્તામાં છે ત્યાં સુધી જીવ છે. પ્રકૃતિ નચાવે તેમ નાચે તે જીવ. પ્રકૃતિ પોતાની સત્તામાં નથી. ઊઠવું, ખાવું, પીવું, બધું પોતાની સત્તામાં નથી અને પુરુષ એ પોતાની સત્તામાં છે.

જે ટેવને આધીન છે તે પરસત્તામાં છે અને જે કોઈ પણ ટેવ માત્રને આધીન નથી તે સ્વસત્તામાં છે. ટેવો એ પરસત્તામાં છે. સ્વસત્તામાં ટેવો ના હોય. જેને ટેવ માત્ર નહીં તે સ્વસત્તા.

જે અબંધ છે તે બંધનને જાણે પણ બંધનને પામે નહીં. જાડા દોરડાથી કે પાતળાથી કે કસાઈને બંધાયા છે તે બધું જાણે પણ (પોતે) બંધનને પામે નહીં. બંધન પામે તે જાણે નહીં, જે જાણે તે બંધન પામે નહીં. પરસત્તામાં ક્યાંય ના પેસે ત્યાં સ્વસત્તા છે.

નિર્ભેળ સત્તા તમારી પાસે છે, ને ભેળસેળવાળી બધી જ પરસત્તા. તમારી પાસે નિર્ભેળ સત્તા છે ને જગત પાસે ભેળસેળવાળી સત્તા છે. ભેળસેળ થયું કે કુદરતી સત્તામાં ગયું ને નિર્ભેળ રહ્યું તો પરમાત્મ સત્તા છે. હું નિર્ભેળ શુદ્ધાત્મા છું.

## રાઈટ બિલીફ બેસતા, સ્વસત્તાનું સ્થાપન

**પ્રશ્નકર્તા :** સ્વસત્તા કઈ, દાદાજી ? એ સમજાવવાની કૃપા કરો.

**દાદાશ્રી :** હવે તું ખરેખર ચંદુ છું કે શુદ્ધાત્મા છું ?

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્મા છું.

**દાદાશ્રી :** તો શુદ્ધાત્માના ભાગને બધી સ્વસત્તા કહી અને ચંદુભાઈના ભાગને પરસત્તા કહી. અત્યાર સુધી 'હું ચંદુ' હતો એ પૌદ્‌ગલિક સત્તા હતી, અને પૌદ્‌ગલિક સત્તામાં જ 'હું છું' એવું માન્યું'તું. હવે એ બિલીફ તૂટી ગઈ આપણી. એ મિથ્યાત્વ હતું તે તૂટી ગયું, ખલાસ થઈ ગયું. હવે સમ્યક્ બિલીફ, હું શુદ્ધાત્મા થયો. અને જેને આ સમ્યક્ બિલીફ ઉત્પન્ન થઈ એ સ્વસત્તામાં છે ને આ પરસત્તા. 'રાઈટ બિલીફ' સ્વ-સત્તાધારી છે અને 'રોંગ બિલીફ' પરસત્તા છે.

સ્વસત્તા બિલીફમાં રહે ત્યાં સુધી ક્ષાયક સમકિત છે. અને સ્વસત્તામાં રહે એટલો વખત તો ભગવાન જ છે, એને કોઈ ના કહી શકે જ નહીં. સત્તા વાપરી. શું ?

**પ્રશ્નકર્તા :** પોતે પોતાની સત્તા વાપરી.

**દાદાશ્રી :** એટલો વખત પરસત્તામાં પોતે બિલકુલ ના હોય. જેટલો ઉપયોગ આત્માનો એટલી સત્તા આત્માની. પાંચ કલાક આત્માનો ઉપયોગ રહ્યો એટલો એ સ્વસત્તામાં રહ્યો. લક્ષ તો રહે

પણ ઉપયોગ જેટલો રહ્યો તેટલો સ્વસત્તામાં રહ્યો. પછી સંપૂર્ણ ભગવાન થઈ જાય.

હવે તમે શુદ્ધાત્મા થયા તે પ્રતીતિ બેઠી, હજુ થઈ ગયા નથી. પગાર શુદ્ધાત્માનો મળશે, પણ સત્તા નહીં. હવે કાયમની પ્રતીતિ બેઠી. એને ક્ષાયક સમકિત કહેવાય છે. આ તમારી સત્તાનું સ્થાપન થયું, ઈન્ટ્રિમ ગવર્મેન્ટ થઈ. હવે ક્યાં સુધી ઈન્ટ્રિમ ગવર્મેન્ટ રહેશે ? ત્યારે કહે છે, બે કામ રહ્યા છે, શુદ્ધાત્માનું ધ્યાન કરો અને ફાઈલ આવે તો ફાઈલનો નિકાલ કરો. તે આપણે આ ફાઈલોનું પૂરું થઈ જશે નિકાલ કરતા કરતા એટલે પછી ફુલ ગવર્મેન્ટ.

## હોમ ડિપાર્ટમેન્ટ એ સ્વસત્તા

**પ્રશ્નકર્તા :** આપણે સંસારી માણસોએ એનો ઉપયોગ કેવી રીતે કરવો, સ્વસત્તાનો ?

**દાદાશ્રી :** જ્ઞાતા-દ્રષ્ટા-પરમાનંદી રહેવું. આ મન-વચન-કાયા સ્વભાવથી જ ઈફેક્ટિવ છે. એટલે ઠંડી લાગે તો ઈફેક્ટ થાય. ગરમી લાગે તો ઈફેક્ટ થાય. આ આંખને ખરાબ જુએ તો ચીતરી ચડે. કાને ખરાબ સાંભળે તો અસર થઈ જાય, ઈફેક્ટ થાય. મન-વચન-કાયા ઈફેક્ટિવ છે. અને એ ઈફેક્ટિવની અસર 'સ્વ'માં પહોંચે નહીં. જાણે કે ચંદુને આ જાતની ઈફેક્ટ થઈ છે એવું જાણે એટલું જ, કે ચંદુને ઠંડી લાગી છે ને ચંદુ અકળાયો છે. ચંદુ અકળાયેલાનેય આપણે જાણીએ.

એ ફાઈલ નંબર વન ઈફેક્ટિવ છે. તો એની ઈફેક્ટને આપણે જાણ્યા કરીએ કે ભઈ, આ પ્રમાણે ચંદુને થયું છે, આ પ્રમાણે થયું છે. ચંદુને આમ થયું છે. ચંદુને ટેન્શન આવ્યું તેય આપણે જાણીએ. આપણે જાણ્યા કરીએ.

હોમ ડિપાર્ટમેન્ટમાં જ રહેવું. ફૉરેનમાં સુપરફ્લુઅસ રહેવાનું. સ્વસત્તામાં હોમ ડિપાર્ટમેન્ટ અને પરસત્તા ફૉરેન ડિપાર્ટમેન્ટ, રિલેટિવ. રિલેટિવ એ બધી પરસત્તા કહેવાય અને રિયલ એ હોમ ડિપાર્ટમેન્ટ, સ્વસત્તા.

વાત સમજવાની છે. લોક કહેશે, સળગ્યું, સળગ્યું, સળગ્યું. ત્યારે ઊઠીને અહીંથી જમતો જમતો નાસે. અલ્યા મૂઆ, તારી મિલકત આ બાજુ મેં દેખાડી છે ને, તું એ બાજુ શું કરવા દોડશ તે ? પણ પેલા અનાદિનો પરિચય છે ને, તો શું કરે ? અહીંથી જમતો જમતો દોડે, કે મારું સળગ્યું, મારું સળગ્યું. પછી એને યાદ આવે કે દાદાએ તો પેલી બાજુ કહ્યું છે, આપણે ભૂલ્યા. લાઈન ઑફ ડિમાર્કેશન હઉ નાખેલી છે. આ તમારું ને આ પરભાર્યું. આ પરસત્તા, અહીં સ્વસત્તા.

આપણે આપણી બાઉન્ડ્રીમાં, તો પુદ્ગલની સત્તા બહાર ગઈ. બાઉન્ડ્રીની બહાર નીકળીએ ફૉરેનમાં, એ બધી પુદ્ગલની સત્તા. ત્યાં પકડે એ, કેમ અમારી હદમાં આવ્યા ? પોતે આ પરસત્તા સમજી જાય અને પરસત્તામાં પછી પોતે આંગળી ના ઘાલે એકાદ અવતાર. એટલે પછી એ સત્તા જ એને છોડી દે છે અને મુક્ત થઈ જાય છે, બસ. પોતે પરસત્તામાં ડખલ કરે છે. તેથી આ સત્તા એને પકડી રાખે છે. એની સત્તામાં લોકો ડખલ કરે છે. ડખોડખલ નહીં એટલે પોતાની સત્તામાં જ મશગુલ.

## ચંદુ સાથે વાતચીત, એ છે 'આપણી' સત્તા

(હવે) તમારી સત્તા નથી પણ વ્યવહાર ચાલ્યા કરે છે ને ? જ્યારે (તમારી) સત્તા માનતા હતા ત્યારે વ્યવહારમાં ડખો કરતા હતા. હવે શાને માટે ? પોતાની સત્તા પાર વગરની છે, તો કો'કની સત્તામાં શું કરવા હાથ ઘાલીએ ?!

**પ્રશ્નકર્તા :** આપણી સત્તા કેટલી ?

**દાદાશ્રી :** પાંચ હજારનું ગજવું કપાય એટલે પછી આપણે ચંદુભાઈને કહીએ કે કશો વાંધો નહીં, ગભરાશો નહીં, અમે તમારી સાથે છીએ. એમ ખભો થાબડીએ એ આપણી સત્તા. 'અમે' એટલે પોતે ખુદ ભગવાન છે. ચંદુભાઈ ડિપ્રેસ થયા હોય તો આપણે ખભો ઠોકી આપવો. એલિવેશન થતું હોય તો ના કહેવું. (તો કહેવું,) અમારી સત્તાને લીધે આટલો બધો રોફ પડે છે તમારો. હોમ ડિપાર્ટમેન્ટમાં બેઠા બેઠા ફૉરેનનું ચલાવ્યા રાખવાનું. આ નિર્લેપ જ્ઞાન છે, અડે નહીં. જેટલું કરવાનો ભાગ છે એ પરસત્તા છે. એ જ્ઞાન છે, સ્વસત્તા. 'હું શુદ્ધાત્મા છું' એ સ્વસત્તા.

**પ્રશ્નકર્તા :** એ વાત કોણ કરે છે ?

**દાદાશ્રી :** જુદો થયો છે તે.

**પ્રશ્નકર્તા :** કોણ પણ જુદો ?

**દાદાશ્રી :** હું છું તે.

**પ્રશ્નકર્તા :** હું કોણ ?

**દાદાશ્રી :** 'ચંદુભાઈ ગભરાશો નહીં, અમે છીએ,' એટલે ભગવાન વાત કરે છે. એટલે પ્રતિષ્ઠિત આ એટલે...

**પ્રશ્નકર્તા :** પ્રજ્ઞા ?

**દાદાશ્રી :** એ... પ્રજ્ઞા, પ્રજ્ઞા. ફક્ત એ (આત્મા) પરભાવનો કર્તા નથી, સ્વભાવનો કર્તા છે.

## જ્ઞાયક પદમાં રહે, રહેવાય સ્વસત્તામાં

**પ્રશ્નકર્તા :** આત્મા અને અનાત્માના સાંધાને કેવી રીતે એક થવા ના દેવું ?

**દાદાશ્રી :** હવે તમે શુદ્ધાત્મા થયા, અને મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર, આ ઈન્દ્રિયો, વિષયો, બધું અનાત્મા. ક્રોધ-માન-માયા-લોભ બધું અનાત્મા. તમારા ભાગમાં તો એકલો શુદ્ધાત્મા, પ્યૉર, જેને કોઈ પણ જાતનું વિશેષણ નહીં એવું. શુદ્ધાત્મા તો એક તમને સમજાવવા માટે કહેવું પડે છે મારે. બાકી વિશેષણ નહીં, એ ભગવાન ! અને આ બાજુ બધા વિશેષણવાળા. મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધુંય આ એક ભાગમાં ગયું, ચંદુલાલના ભાગમાં. તેમાં એકાકાર નહીં થવા દેવાનું (એટલે) શું ? ત્યારે કહે, તમારે જ્ઞાતા-દ્રષ્ટા રહો અને આ બધું જ્ઞેય છે. મનમાં જે વિચાર આવે છે એ જ્ઞેય છે. સારા વિચાર આવે તોય જ્ઞેય છે, ખરાબ વિચાર આવે તોય જ્ઞેય છે. અહંકાર વધી ગયો હોય તેય જ્ઞેય છે, અહંકાર ઘટી ગયો હોય તેય જ્ઞેય છે. આ બધું જ્ઞેય છે અને તમે જ્ઞાયક રહો, એટલે આત્મા-અનાત્માના સાંધાના ઉપર રહી શકો તમે. પછી તમે ફૉરેન ડિપાર્ટમેન્ટમાં દાખલ ના થાવ, હોમ ડિપાર્ટમેન્ટમાં જ રહો.

ગુંઠાણું (નિશ્ચયનું) તો તમને દાદા જેમાં છે એ જ પ્રાપ્ત થયું છે. તમને એવી જ દશા થઈ છે પણ આ જ્ઞાન રસ્તે જતા મળ્યું છે. એટલે બહાર ધૂળ ઊડી કે ધ્યાન ત્યાં ગયું, પણ એ જોવાનું નહીં. ધૂળ ઊડે, કાંકરા ઊડે, બધું ઊડે. પણ એ જ્ઞેય છે અને આપણે જ્ઞાતા છીએ. આપણે જ્ઞાતાપદમાં બેસીને જ્ઞેય જાણવાનું છે. જગત આખું ઊડે, મા-બાપ-દીકરા મરવા પડ્યા હોય ને ત્યાં જ્ઞેય-જ્ઞાતાનો સંબંધ રાખીને રહે ત્યારે આ વિજ્ઞાન ઉત્પન્ન થાય. એ મરશે એ વ્યવસ્થિત ખરું ને !

પોતે જ્ઞાનસત્તા માત્ર છે. જ્ઞાતાસત્તામાં રહ્યા તો મુશ્કેલી ઊડી ગઈ. જેટલો પૂર્વનો અભ્યાસ અવળો હોય ને, એટલું અડે.

## યથાર્થ પ્રતિક્રમણે સ્વસત્તાનો અનુભવ

હવે આત્મા પ્રાપ્ત થયા પછી શું ? જેટલો

જેટલો શુદ્ધ ઉપયોગ રહે તેટલી સ્વસત્તા ઉત્પન્ન થાય. અને સંપૂર્ણ સ્વસત્તા ઉત્પન્ન થઈ ગઈ તો એ ભગવાન થઈ ગયો ! પુદ્ગલ એ પરસત્તામાં છે. અને આત્મા પણ, જ્યાં સુધી સ્વરૂપનું જ્ઞાન નથી થયું ત્યાં સુધી પરસત્તામાં જ છે. જ્ઞાની મળે અને આત્મા સ્વસત્તામાં આવે ત્યાર પછી પુદ્ગલનું જોર નરમ પડે અથવા મૃતઃપ્રાય થાય. જેમ પુરુષાર્થ વધે તેમ પુદ્ગલ નરમ પડતું જાય. એક કલાક શુદ્ધાત્માપદમાં બેસી પ્રતિક્રમણ કરો તો સ્વસત્તાનો અનુભવ થાય.

હવે તમે તો આત્મા તો થઈ ગયા, એટલે અંદરનું તો પૂરું કામ થઈ ગયું. હવે આ અક્રમ છે ને, એટલે બહારનું કામ રહ્યું છે. એ (પ્રતિક્રમણ) તમારે નહીં કરવાનું, તમારે તો જાણવાનું કે ચંદુભાઈએ કર્યું કે ના કર્યું. તમારે આત્માને કશું કરવું નથી પડતું. આમાં આત્માની અને આ પરસત્તા આ બેની વચમાં પ્રજ્ઞા નામની શક્તિ હોય છે. એ શક્તિ બધું આ કામ કરે. પ્રજ્ઞાશક્તિનો સ્વભાવ શો છે ? વાળીઝૂડીને મોક્ષે લઈ જવાને માટેની બધી તૈયારી કરાવે. ચેતવે-બેતવે બધું એ જ કર્યા કરે. અને મોક્ષે લઈ જવાની તૈયારી કરાવે.

અહીંથી એકાવતારી થાય એટલે સુધી અહીં આગળ સત્તા હોય છે આપણા આ ક્ષેત્રમાં. એક જ અવતાર બાકી રહ્યો તે. અને હું તો કહું છું, દસ રહ્યા હોય તોય શું વાંધો છે ? કારણ કે એ છેલ્લા દસ તો એવા જાહોજલાલીવાળા હોય, આવો ના હોય. આવા કદરૂપા અવતાર ના હોય. બહુ જાહોજલાલીવાળા હોય, સમકિતનો સિક્કો વાગ્યા પછી. અને આ તો શુક્લધ્યાનનો સિક્કો વાગ્યો છે, એ ગજબની વસ્તુ છે.

### ભૂલ થયે ચેતવે, 'એ' છે સ્વસત્તા

**પ્રશ્નકર્તા :** રિયલ-રિલેટિવ જુએ છે તે કોણ જુએ છે ? પ્રકૃતિ જુએ છે કે આત્મા ? એ આપણી સ્વસત્તામાં આવે ?

**દાદાશ્રી :** એ તો પ્રજ્ઞા જુએ છે એ. આત્માય જોતો નથી, પ્રજ્ઞા જુએ છે. અને પ્રજ્ઞા જુએ એટલે આત્મા ખાતે જ ગયું.

**પ્રશ્નકર્તા :** પ્રત્યક્ષ સ્વસત્તાનું માપ શું છે કે સ્વસત્તાની તાકાત શું છે, એ પ્રત્યક્ષ અનુભવમાં નથી આવતું.

**દાદાશ્રી :** જે ભૂલ થાય છે અને જાગૃતિ રહે છે ને, અને ચેતવે છે એ સ્વસત્તા છે. રાત-દહાડો મહીં તમને હવે ચેતવે. તે પ્રજ્ઞા મહીં ચેતવે છે. એને આત્મા કહો, જે કહો તે કહેવાય. ચેતન સત્તા ! પ્રજ્ઞા એ ચેતન સત્તામાં આવેલી છે. સત્તા ચેતનની છે. ચેતવ ચેતવ કર્યા કરે, ચેતવે. ચેતવે છે તને ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** કોણ ચેતવે ? ત્યારે કહે, ચેતન ચેતવે. કોને ચેતવે છે ? ત્યારે કહે, ચેતનારને ચેતવે છે. આ શરીર કંઈ ચેતવાનું છે ? જે ચેતનાર છે ને, એને જ ચેતવે છે.

**પ્રશ્નકર્તા :** મૂળ આત્મા ચેતવે નહીં ?

**દાદાશ્રી :** મૂળ આત્મા ચેતવે નહીં, આ પ્રજ્ઞા ચેતવે. આત્મા જ છે એ. આત્માનો ભાગ જુદો પડીને કામ કરે છે. મૂળ આત્મા તો ત્યાં જ એ, સ્વભાવમાં ને સ્વભાવમાં, સંપૂર્ણ છે. એ ચેતવવા-બેતવવાનું કામ ન કરે.

**પ્રશ્નકર્તા :** હા, એ જાણવા-જોવામાં રહે.

**દાદાશ્રી :** હા, પછી એ ચેતવવાનું કામ ન કરે. અત્યારે એ (પ્રજ્ઞા) આ કામ કરે. એ ક્યારે ? આ જાણવા-જોવાનું બધું પૂરું થઈ રહે એટલે કેવળજ્ઞાન થાય ત્યારે એ (મૂળ આત્મા) કરે.

**પ્રશ્નકર્તા :** ત્યારે આત્મા કરે, એટલે...

**દાદાશ્રી :** કેવળજ્ઞાનની સત્તા એની. એ પછી (મૂળ આત્મા ને પ્રજ્ઞા) એક જ થઈ જાય તે ઘડીએ. જ્યારે આપણું આખું રામાયણ પૂરું થાય, એય એક થાય.

## અહંકારી જ્ઞાનનેય જે જ્ઞાન જાણે, તે સ્વસત્તા

**પ્રશ્નકર્તા :** 'ક્ષણે ક્ષણે સ્વ-સત્તામાં રહી સ્વસત્તાનો જ ઉપભોગ કરું.' તો સ્વસત્તા તો આપે આપી જ છે, તેનો ઉપયોગ શી રીતે કરું ? અને પરસત્તામાં પ્રવેશ ના કરું તો તે કઈ રીતે ? એ વિગતથી સમજાવો.

**દાદાશ્રી :** તમામ ક્રિયા માત્ર પરસત્તા છે. ક્રિયા માત્ર ને ક્રિયાવાળું જ્ઞાન પણ પરસત્તા છે. જે જ્ઞાન અક્રિય છે, જ્ઞાતા-દ્રષ્ટા અને પરમાનંદી છે. જે આ બધી ક્રિયાવાળા જ્ઞાનને જાણે છે તે આપણી સ્વસત્તા છે, ને તે જ 'શુદ્ધાત્મા' છે.

**પ્રશ્નકર્તા :** 'તમામ ક્રિયા માત્ર પરસત્તા છે. ક્રિયાવાળું જ્ઞાન એ પણ પરસત્તા છે. ક્રિયાવાળા જ્ઞાનને જે જ્ઞાન જાણે છે, એ સ્વસત્તા છે, એ શુદ્ધાત્મા છે.' તો આમાં પેલું મોચીનું જ્ઞાન છે, એ જ્ઞાનને જે જાણે છે, એ સ્વસત્તા થઈ ?

**દાદાશ્રી :** એ જ્ઞાનને જાણનારો અહંકાર છે.

**પ્રશ્નકર્તા :** એટલે આ મોચીનું તમામ જ્ઞાન જાણનારો અહંકાર છે ?

**દાદાશ્રી :** મોચીનું જે જ્ઞાન થયેલું છે, એ જ્ઞાનનો જાણકાર કોણ ? ત્યારે કહે, બુદ્ધિ. બુદ્ધિ એટલે માલિક કોણ ? ત્યારે કહે, એ અહંકાર.

**પ્રશ્નકર્તા :** એટલે આમાં મોચીને જે જ્ઞાન ઉત્પન્ન થયું છે, એનાથી એ મોચીની ક્રિયા કરી શકે છે, એ મોચીની ક્રિયા જે જ્ઞાનના આધારે થાય છે...

**દાદાશ્રી :** એ અહંકાર જાણે અને અહંકારને સ્વસત્તા જાણે. આ અહંકારી જ્ઞાનને સ્વસત્તા જાણે.

**પ્રશ્નકર્તા :** એટલે આ મોચીનું જ્ઞાન, વકીલાતનું જ્ઞાન, ડૉક્ટરીનું જ્ઞાન એ બધું અહંકારી જ્ઞાન ?

**દાદાશ્રી :** એ અહંકારી છે.

**પ્રશ્નકર્તા :** અને એ અહંકારને પણ જે જાણે છે તે સ્વ ?

**દાદાશ્રી :** અહંકારને જે જાણે છે તે સ્વસત્તા.

## જેટલા કેવળના અંશોની સિલક, એટલી સત્તા

એક સમય પણ સ્વસત્તામાં આવ્યો તે પરમાત્મા થયો.

**પ્રશ્નકર્તા :** એટલે સમ્યક્ દર્શન આવી ગયું ને ?

**દાદાશ્રી :** એ તો બધું આવી ગયું. સ્વસત્તા એટલે સમ્યક્ દર્શનેય આવી ગયું ને ક્ષાયક દર્શનેય આવી ગયું. સ્વસત્તામાં બધું આવી ગયું.

**પ્રશ્નકર્તા :** એ જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતા હોય ત્યારે જ સ્વસત્તામાં આવે ને ?

**દાદાશ્રી :** જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ, આ ચારેય પાયા વેદનમાં આવે ત્યારે સ્વસત્તામાં હોય. વેદનમાં આવવા જોઈએ. એટલે આ શુદ્ધતાથી વેદનમાં જ આવ્યા એ, વેદન એટલે સ્વસત્તા કહેવાય. અને નહીં તો વેદનમાં શું છે ? મિથ્યા દર્શન, મિથ્યા જ્ઞાન, મિથ્યા ચારિત્ર ને મિથ્યા તપ, એ અત્યારે (અજ્ઞાનીને) વેદનમાં છે.

આત્માનું વેદન એટલે અનુભવ થયો કહેવાય. આત્માનું જેને વેદન છે અને લક્ષ બેઠું છે, એને રાત્રે જાગ્યા કે 'હું શુદ્ધાત્મા છું' એનું ભાન

ઉત્પન્ન થાય. ઊંઘમાંથી ઊઠ્યો ને ભાન ઉત્પન્ન થાય, એ સાચું ભાન છે ને તે અનુભવ કહેવાય, આત્માનુભવ કહેવાય. અમારું સ્પષ્ટ વેદન, સ્પષ્ટ અનુભવ, અને તમારું અસ્પષ્ટ વેદન. સ્પષ્ટ વેદન એટલે પોતાને છૂટું ને છૂટું દેખાયા કરે બધું.

**પ્રશ્નકર્તા :** એટલે કેવળજ્ઞાન જ્યારે થાય ત્યારે પરમાત્મા પદમાં આવે ?

**દાદાશ્રી :** આ શુદ્ધાત્મા પદ થાય ત્યાર પછી કેવળજ્ઞાનના અંશ શરૂઆત થાય.

આ શુદ્ધાત્મા પદ તો એ તમને એમ કહે છે, કે આજ કોઈને નુકસાન થઈ ગયું તમારાથી, તો એના ખેદમાં નહીં પડો. કો'કને લાભ થઈ ગયો તમારાથી, તો એના વિચારમાં નહીં પડો કે મેં કેવો લાભ કર્યો કે એવું તેવું બધું. શુદ્ધ જ છો તમે. રાગ-દ્વેષ રહિત છો. આની પર રાગ નહીં કે દ્વેષ નહીં, એવું એ શુદ્ધાત્મા પદ છે. શુદ્ધાત્મા પદમાં આવ્યા પછી કેવળજ્ઞાનના અંશો ગ્રહણ થાય. એ કેવળજ્ઞાનના અંશ અમુક ગ્રહણ થયા પછી આત્મા તદ્દન છૂટો જ દેખાયા કરે, અમુક ભાગ આવ્યા પછી. ત્યાર પછી સર્વાંશે થાય એટલે ઍબ્સૉલ્યૂટિઝમ થાય. ઍબ્સૉલ્યૂટ કેવળજ્ઞાન ! એ પરમાત્મ પદ છે.

અને આપણે પરમાત્મા છીએ, એવું લક્ષ બેઠું છે. એટલે હવે ધીમે ધીમે શ્રેણી માંડે એ. એટલે સત્તા પ્રાપ્ત થયા કરે. જ્યાં શુદ્ધાત્માનું લક્ષ બેઠું, ત્યાંથી શ્રેણી માંડી. તે પછી આગળ આગળ અનુભવ થયા જ કરે, સ્ટેપ બાય સ્ટેપ, સ્ટેપ બાય સ્ટેપ, અનુભવ વિશેષ, વિશેષ. શ્રેણી માંડેલી એટલે દહાડે દહાડે, ક્રમે ક્રમે વધતું જ જાય. કેવળજ્ઞાનના અંશો તમને ભેગા થવા માંડ્યા છે, અને જેટલા અંશ ભેગા થયા એટલી એની સત્તા પ્રગટ થાય.

## કેવળજ્ઞાન આપે છે, તેથી સત્તા જુદી પડે છે

આ તો તમને એક કલાકમાં બારમા ગુંઠાણામાં બેસાડ્યા છે અને હુંય બારમામાં બેઠેલો છું પાછો તમારી બધા (સાથે.) હું કંઈ તેરમામાં નહીં બેઠો. તેરમા ગુણસ્થાનમાં કેવળજ્ઞાન થાય અને ચૌદમામાં મોક્ષ થાય.

**પ્રશ્નકર્તા :** આ કાળમાં કેવળજ્ઞાન તો શક્ય નથી ને ?

**દાદાશ્રી :** ના, શક્ય નથી. કેવળજ્ઞાન, કારણ કેવળજ્ઞાન અમને થયેલું છે, કાર્ય કેવળજ્ઞાન નથી. એટલે તો અમે આ માસ્તર તરીકે રહ્યા ને ! નહીં તો અમે માસ્તર તરીકે હોઈએ નહીં ને ! અને આ અક્રમ નીકળ્યું, કેવળજ્ઞાનની સત્તા પ્રાપ્ત કરે એવું ! હું આપું છું તમને કેવળજ્ઞાન, પણ પચતું નથી આ કાળમાં. મને ના પચ્યું એટલે તમનેય પચે નહીં ને ! હું આપું છું કેવળજ્ઞાન. એટલે આ કાળમાં અક્રમ માર્ગ તમને પ્રાપ્ત થયો.

**પ્રશ્નકર્તા :** પણ તે કેવળજ્ઞાન થયું હોત તો આ...

**દાદાશ્રી :** તો આ સ્કૂલ ના થાત.

આ કાળમાં ત્રણસો સાંઈઠ ડિગ્રીનું હું જ્ઞાન આપું છું, કેવળજ્ઞાન તમારા હાથમાં મૂકું છું પણ એ પચતું નથી ને મને પણ પચ્યું નથી, કાળને લીધે. આ કાળની વિચિત્રતાને લીધે કેવળજ્ઞાન પચ્યું નહીં. તે મને ત્રણસો છપ્પન ઉપર આવીને ઊભું રહ્યું. અને હું આપું છું કેવળજ્ઞાન. કેવળજ્ઞાન જો ના આપું તો તો સત્તા જુદી પડે જ નહીં.

## થિયરમ ઑફ ઍબ્સૉલ્યૂટિઝમમાં દાદાશ્રી

સ્વસત્તા પરસત્તામાં બિલકુલ પ્રવેશ ના પામે, એનું નામ 'એબ્સોલ્યૂટિઝમ' (કેવળ). સ્વસત્તા

પરસત્તામાં પ્રવેશ કરવા જાય તે, થીયરી ઑફ રિયાલિટી (નિરપેક્ષવાદ) અને પરસત્તા એકલામાં જ વર્તે, તે થીયરી ઑફ રિલેટિવિટી (સાપેક્ષવાદ).

આ બધા મહાત્માઓ બેઠા છે એ કઈ થીયરીમાં છે ? થીયરી ઑફ રિયાલિટીમાં છે. અને થીયરી નહીં, થિયરમમાં છે. રિયાલિટી થીયરીમાં આવી ગયો એટલે ઍબ્સૉલ્યૂટિઝમમાં પેસ્યા કરે પછી. અને હું થીયરી ઑફ ઍબ્સૉલ્યૂટિઝમમાં છું. થીયરીમાં નહીં પણ થિયરમમાં છું.

**પ્રશ્નકર્તા :** એટલે આ રિયલ ઉપર પણ હજુ એક નિરાલંબનું પગથિયું બાકી રહ્યું ને ? ઍબ્સૉલ્યૂટનું પગથિયું બાકી રહ્યું ને ?

**દાદાશ્રી :** એ તમે આ મોક્ષના દરવાજામાં પેઠા, હવે શું કામ ગૂંચાવ છો તે ? દરવાજામાં કોણ પેસવા દે ? કોઈ બાપોય લાખ અવતારેય નહીં પેસવા દે. પેસી ગયા છો એનો આનંદ માનો ને ! પાછું એક પદ બાકી રહ્યું તેની ચિંતા કરવી છે ? તમને કેવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** સમજવા માટે પૂછયું.

**દાદાશ્રી :** હા. પોતાની જાતને ધન્ય માનો, હંઅ. ધન્ય છે મને કે મોક્ષના દરવાજામાં પેઠો છું, એવું ધન્ય માનો. બીજું છે તે આગળની વાતનો જો મનમાં બોજો લેશો ને, તો મનમાં એમ રહ્યા કરશે કે આપણે પેલું પદ ના આવ્યું, પેલું પદ ના આવ્યું.

**પ્રશ્નકર્તા :** દાદા, એ બોજો હલકો કરવા આપને અરજ કરી છે.

**દાદાશ્રી :** એ બરોબર છે. બોજો તમારે રાખવાનો નહીં. એ તો એની મેળે સામું જ આવવાનું હવે. આ આજ્ઞા પાળો ને, એ પદ સામું આવવાનું. મારે ચોખ્ખું કહી દેવું જોઈએ ને કે શું છે આ ! કરેક્ટનેસ તો આવવી જોઈએ ને ! કેવળજ્ઞાન ! ઍબ્સૉલ્યૂટ ! ફૉરેનવાળા સમજે ઍબ્સૉલ્યૂટ. એટલે અમે ફૉરેનવાળાને લખેલું છે કે અમે થીયરી ઑફ ઍબ્સૉલ્યૂટમાં નહીં, થિયરમ ઑફ એબ્સોલ્યૂટિઝમમાં છીએ. થિયરમ એટલે એના અનુભવમાં જ છીએ.

**પ્રશ્નકર્તા :** સંપૂર્ણ જાગૃતિ, એનું નામ કેવળજ્ઞાન ?

**દાદાશ્રી :** સંપૂર્ણ. અને અત્યારે તમારી જાગૃતિ વધી છે તે સંપૂર્ણ થવા માટે તૈયારી કરી રહી છે. સંપૂર્ણ જાગૃતિ એ જ નિરાલંબ કહેવાય.

## કેવળના અંશ પ્રાપ્ત થયે, મટે અંતરદાહ

**પ્રશ્નકર્તા :** પણ દાદા, અંતરદાહ ગયો ખરો, સાચી વાત છે, હું કબૂલ કરું છું, પણ કેવળજ્ઞાન પ્રાપ્તિ કરવાનો અંતરદાહ જાગે છે, એનું કેમ કરવાનું હવે ?

**દાદાશ્રી :** હવે એ અંતરદાહ ઉત્પન્ન થાય ને ! કારણ કે પેલો વેપાર બંધ થઈ ગયો, હવે નવો વેપાર શરૂ થયો. વેપારમાં નફો વધારે થાય, એ તો એમને અંદર ભાવના હોય ને ! એટલે કેવળજ્ઞાનના અંશો બધા જમા થઈ રહ્યા છે, જેટલા પ્રમાણમાં તમારો પુરુષાર્થ. પુરુષાર્થ શાને કહેવાય છે ? જેટલી જાગૃતિ. અને જેટલી અમારી આજ્ઞા (પાળો), એ પુરુષાર્થ ધર્મ, એટલા કેવળજ્ઞાનના અંશો મહીં ઉમેરાયા કરે. હવે એ કેવળજ્ઞાનના અંશો પૂરા થાય, ત્રણસો સાંઈઠ અંશ થાય ત્યારે પૂરું થાય કેવળજ્ઞાન. ત્યાં સુધી અંશે કેવળજ્ઞાન કહેવાય. અંશે કેવળજ્ઞાન છે એવું પોતાને ખબર પડે કે મને અંશે કેવળજ્ઞાન છે.

કેવળજ્ઞાનના અંશ શરૂઆત થવાના થાય તો જ અંતરદાહ મટે, નહીં તો અંતરદાહ ના

મટે. અંતરદાહ એવો છે કે કોઈ દહાડો મટે નહીં. દસમા ગુંઠાણામાંય અંતરદાહ બળ્યા કરતો હોય, સૂક્ષ્મ પ્રમાણમાં. બહુ પ્રમાણ નાનું હોય એનું. જેટલો એને કષાય હોય ને, એટલા પ્રમાણમાં. તે અલ્પ કષાય હોય છે ત્યાં આગળ, સૂક્ષ્મ કષાય, દસમા ગુંઠાણામાં. છેલ્લામાં છેલ્લો લોભ, નાનામાં (નાના) પ્રકારનો લોભ, એ દસમામાં. ત્યાં સુધી મહીં આ ડખો.

### સમજ ડેવલપ થઈ, પરિણામ પામે સત્તારૂપે

સત્તા પ્રાપ્ત થાય એવું છે ને પૂર્ણ થાય એવું છે, જો તમે અમારા કહ્યા પ્રમાણે ચાલો તો. કરવાનું કશું જ નથી, સમજવાનું જ છે. જ્યાં કરવાનું ત્યાં આગળ જેલમાં જવું પડશે. જ્યાં જ્યાં કરવાનું એ જેલ અને જ્યાં સમજવાનું ત્યાં મુક્ત !

આપણું જ્ઞાન જાણવાનું છે, કરવાનું નથી. ખાલી સમજવાનું જ. કો'ક કહેશે કે હું અહીં છું ને હવે દિલ્હી શી રીતે પહોંચાશે ? તું વાત સમજ એટલે દિલ્હી પહોંચ્યો. કરવાનું કશું નથી. અહીંથી મોક્ષ સુધીનો માર્ગ છે, તે ચાલવાનો નથી. મોક્ષને સમજ તું, તો અહીં ને અહીં મોક્ષ છે.

એટલે સમજવાની જરૂર છે. અમારી જોડે વાતચીત કરતા કરતા તમને સમજ પેસી જાય, સમજણ પડી જાય. જ્ઞાન તો અમે એક ફેરો આપીએ છીએ, પછી જ્ઞાન નથી આપતા, અમે સમજ પાડીએ છીએ. જ્ઞાન અમે કેમ એક ફેરો આપીએ છીએ કે એ જ્ઞાન જ ક્રિયાકારી જ્ઞાન છે. એટલે ક્રિયા એ જ કર્યા કરે. તમારા હાથમાં રહી નહીં પછી સત્તા. એ સચોટ તમારી જોડે ને જોડે એ આગળ આગળ કર્યા કરે. જ્ઞાન પચે નહીં. જ્ઞાન કેવી રીતે પચે ? સમજ પચે.

આ તો સચોટ કહેવાય એટલે અમારી જોડે બેસી રહેવાનું, સમજ સમજ કર્યા કરવાનું. હવે એ સમજ એટલે દર્શન કહેવાય, કેવળદર્શન. સમજ એટલી સમજવાની છે કે કેવળદર્શન આપણું આવી જાય, બધું સમજી જ જાય. કોઈ જગ્યાએ આપણે એ પઝલ ઊભું ના થાય.

હવે પેલા કહેશે કે સમજણ છે અમારે પણ જ્ઞાન ક્યારે પામીએ અમે ? ત્યારે કહે, ના, સમજણનો સ્વભાવ પોતે એવો છે કે સમજ ડેવલપ થતી થતી જ્ઞાનરૂપે પરિણામ પામે પોતે જ. જેટલી હું તમને સમજ આપું છું તે બધી ડેવલપમેન્ટ થયા કરે અને એ પોતે જ સત્તારૂપે પરિણામ પામે છે. સમજ એ બીજરૂપે છે અને જ્ઞાન એ વૃક્ષરૂપે છે. તમારે પાણીનો છંટકારો ને એ બધું, ભાવનાઓ જોઈએ.

હવે સમજ જ્ઞાનરૂપે પરિણામ પામી એની ખાતરી શું ? જેટલું વર્તનમાં આવ્યું એટલી ખાતરી. વર્તનમાં ના આવે ત્યાં સુધી જ્ઞાન પરિણામ પામ્યું નથી. સમજ છે પણ પરિણામ પામ્યું નથી. એટલે વર્તનમાં લાવવાની જરૂર નથી. વર્તન એ એનું ફળ છે. સમજ જ્ઞાનમાં પરિણામ પામશે કે વર્તનમાં આવીને ઊભું રહે. વર્તનમાં આવીને ઊભું રહે તો જ જ્ઞાનમાં પરિણામ પામ્યું કહેવાય. અમારું જેટલું વર્તનમાં આવી ગયેલું હોય તેટલું અમારું જ્ઞાનમાં પરિણામ પામી ગયેલું હોય અને તમારે વર્તનમાં આવવાનું હોય.

**પ્રશ્નકર્તા :** એટલે એને ચારિત્ર કહેવાય ને ?

**દાદાશ્રી :** ચારિત્ર કહેવાય. પણ સમ્યક્ ચારિત્ર કહેવાય, કેવળચારિત્ર ના કહેવાય. કેવળચારિત્ર તો કેવળજ્ઞાની જ કરી શકે. અને જ્ઞાની પુરુષેય કરી શકે. કેવળચારિત્ર પણ જેટલા કેવળના અંશ છે, એટલા એયે કરી શકે. કેવળજ્ઞાનના અંશ આપણે જ્ઞાન આપીએ છીએ તે ત્યારથી શરૂઆત થાય છે બધાને.

## દેવું વાળ્યા બાદ જ સંપૂર્ણ સત્તાનો અનુભવ

કેવળજ્ઞાન આ કાળને લઈને સ્પર્શીને પાછું ગયું. કેવળજ્ઞાન છે આટલું જ, પણ જેટલું પાચન થાય એટલું દેખાય. અમને જેટલું પાચન થયું એટલું દેખાયું. અને પાચન ના થયું તોયે વાંધો શું છે ? આપણી સ્વતંત્રતા આવી ગઈ છે, આટલી સ્વસત્તા, આટલી પરસત્તા સમજાઈ ગયું છે.

પારકી સત્તાથી સ્વતંત્ર થયો એ પછી જે મજા ને આનંદની તો વાત જુદી જ ને ! તમે ચાખ્યો ને થોડો થોડો ?

**પ્રશ્નકર્તા :** એ આનંદ ચખાડ્યો આપે.

**દાદાશ્રી :** હા, પણ એટલે થોડો થોડો ચાખ્યો ને ?

**પ્રશ્નકર્તા :** હા, ચાખ્યો.

**દાદાશ્રી :** એ (સ્વસત્તા) પ્રાપ્ત થયા પછી કેટલું મહીં, એનો વિસ્તાર કેટલો દેખાય છે ! એની સત્તા કેવી સરસ દેખાય છે !

**પ્રશ્નકર્તા :** હા...

**દાદાશ્રી :** જે સત્તા આપણે જોઈ નહોતી એ સત્તા જોઈ આપણે.

**પ્રશ્નકર્તા :** એ જોઈ. અને દાદા, હજુ (તો) દાદાનું જ્ઞાન થોડા અંશની અંદર હજુ પરિણામ પામ્યું છે તોય આટલો બધો આનંદ, તોય આટલો બધો ઉલ્લાસ રહે છે.

**દાદાશ્રી :** હા, તો જેમ જેમ વધશે તેમ તેમ...

**પ્રશ્નકર્તા :** ત્યારે એ જેમ જેમ વધશે તે વખતે શું ?

**દાદાશ્રી :** ક્યાં જઈને પહોંચશે !

**પ્રશ્નકર્તા :** એ સ્વસત્તાનો અનુભવ કરાવો ને ?

**દાદાશ્રી :** હમણાં થાય નહીં. દેવું પાર વગરનું ! દેવું વાળ્યા વગર સત્તા ઉત્પન્ન થાય નહીં ને ! દેવું વાળી દેવું જોઈએ. દેવું વાળી દો. ફાઈલો પૂરી થઈ ગઈ એટલે કામ પૂરું થઈ ગયું. પોતાના હાથમાં સત્તા આવી ગઈ. જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપ પૂરા થયા.

જેટલી સત્તા તમને ઉત્પન્ન થઈ છે તે જુઓ તોય બહુ થઈ ગયું. તમને સત્તા કેટલી ઉત્પન્ન થઈ અને એ સત્તામાં શું દેખાય છે બહાર, શું અસર થાય છે બધાને, એટલું જુઓ તોય બહુ થઈ ગયું. તમે એમ જાણો કે હવે આટલે પાંચ પગથિયે આટલી બધી સત્તા છે, તો પછી દસે તો કેટલી સત્તા આવે !

આપણે બોલીએ છીએ કે 'હું પરમ જ્યોતિસ્વરૂપ સિદ્ધ ભગવાન છું.' આપણને સત્તા પ્રાપ્ત થઈ છે એથી જ. વળી, (બહારના) લોકોને પોતાની સત્તાનું ભાન નથી. જ્ઞાનીની હાજરીપૂર્વક, જ્ઞાનીની આજ્ઞાથી જ બોલાય એવું, તે વગર નોધારું બોલાય જ નહીં, મોટી જોખમદારી આવી જાય.

આ જ્ઞાન લીધા પછી બહારનું તો તમે જોશો એ જુદી વાત છે, પણ તમારા જ અંદરનું તમે બધું જોયા કરશો, તે વખતે તમે કેવળજ્ઞાન સત્તામાં હશો. પણ અંશ કેવળજ્ઞાન થાય, સર્વાંશ નહીં.

## એક શબ્દથી ન થાય વર્ણન સત્તાનું

**પ્રશ્નકર્તા :** આ શુદ્ધ ઉપયોગમાં જે રહેવાય છે, આપ શુદ્ધ ઉપયોગમાં રહો છો, એ સત્તામાં રહ્યા કહેવાય ?

**દાદાશ્રી :** સત્તા જુદી છે ને શુદ્ધ ઉપયોગ (જુદો છે.)

એ રાજાની સત્તા નક્કી કરીએ કે ભઈ, આ રાજાની સત્તા અને રાજા છે તે કોઈને હુકમ કરે, એ હુકમ કરે એટલી સત્તા નથી, એની સત્તા તો સત્તા છે, સત્તારૂપે જ છે. એટલે આમાં બીજા કોઈ એક શબ્દથી સત્તા એની પૂરી ના થાય. સત્તા એની પૂર્ણ સત્તા છે. કોઈ કશું ન કરી શકે, બધી રીતે સ્વતંત્ર...

**પ્રશ્નકર્તા :** જેનાથી એનું એ રાજાપણું રહે.

**દાદાશ્રી :** હા, રાજાપણાને આટલી સત્તા હોય. આ જે વાપરે છે એટલી સત્તા નહીં, સત્તા પાર વગરની !

## સત્તા એટલે આત્માની હાજરી

સત્તા સ્વરૂપ, જેની સત્તા જ ચાલી રહી છે એવો આત્મા. કેવળજ્ઞાન સ્વરૂપ, ઍબ્સૉલ્યૂટ !

**પ્રશ્નકર્તા :** સત્તા સ્વરૂપ એટલે કેવી સત્તા ?

**દાદાશ્રી :** જેની સત્તાથી આ બધું થઈ રહ્યું છે તે.

**પ્રશ્નકર્તા :** શું થઈ રહ્યું છે ?

**દાદાશ્રી :** સંસાર ચાલી રહ્યો છે.

**પ્રશ્નકર્તા :** એની સત્તાથી ચાલી રહ્યો છે ?

**દાદાશ્રી :** ત્યારે બીજું શું ? સત્તા ના હોય તો (ના થાય.) એ કર્તા નથી.

**પ્રશ્નકર્તા :** તો ?

**દાદાશ્રી :** સત્તા છે.

**પ્રશ્નકર્તા :** એટલે ?

**દાદાશ્રી :** એ છે તો આ છે, નહીં તો ના થાય.

**પ્રશ્નકર્તા :** અત્યારે વ્યવહાર બધો ચાલી રહ્યો છે, આત્મા સત્તામાં જ છે એમ, એ શું કહેવા માગો છો ? આત્મા એ સત્તામાં છે એટલે કે અત્યારે આત્માની સત્તાથી આ બધો વ્યવહાર ચાલી રહ્યો છે ?

**દાદાશ્રી :** હં, તો બીજા કોની સત્તા ?

**પ્રશ્નકર્તા :** એ સત્તા શબ્દ અને આ વ્યવહાર ચલાવવો એ બેનો જરાક મેળ નથી બેસતો.

**દાદાશ્રી :** ચલાવવામાં સત્તા એ કંઈ હુકમ કરવાની એ સત્તા નહીં. એ સત્તા આપણી ભાષામાં સમજ્યા છીએ.

**પ્રશ્નકર્તા :** હા, એટલે તો શું કહેવા માગો છો સત્તા એટલે ?

**દાદાશ્રી :** સત્તા એટલે એ જ એ, એ જ હેડ, એ જે ગણો તે એની એ જ હાજરી. સત્તા એટલે તો આ નહીં કે હુકમ કરે એવું, મારું કહ્યું માનતો કેમ નથી ? (બધા) પોતાની સત્તામાં રહેલા છે. કોઈના એમાં, શેહમાં (દાબમાં) રહે એવા નથી.

## આત્માએ નથી છોડી કદી પોતાની સત્તા

**પ્રશ્નકર્તા :** એટલે અત્યારે અજ્ઞાનીને એનો આત્મા એ સત્તામાં રહેલો છે એમ ?

**દાદાશ્રી :** હા, એય સત્તામાં રહેલો. પોતાની સત્તામાં જ રહેલો છે આત્મા.

**પ્રશ્નકર્તા :** અજ્ઞાનીને એવું ભાન હોય ને, કે આ કર્યું એ 'મેં કર્યું', તો એમાં સત્તા વસ્તુ ક્યાં આવી ?

**દાદાશ્રી :** આત્મા તો એની સત્તામાં જ છે એટલે એને કશું થયું નથી. આમ બહાર આ બધું ઘણું થયું પણ એનું પોતાનું થયું નથી કંઈ. આ તો દરિયો દરિયાના સ્ટેજમાં છે, સૂર્ય સૂર્યના સ્ટેજમાં છે. આ વરાળની જ ભાંજગડ છે આ બધી. અને

પોતે વરાળમાં બૂમાબૂમ કરે છે. અલ્યા, તું નથી વરાળ, તું આત્મા છું ! ત્યારે એને ભાન થાય તો પાછું ફિટ થઈ જાય પાછું. આ તો મહીંથી વૃત્તિઓ છૂટી પડી ગઈ છે. માન્યતા રોંગ થઈ વૃત્તિઓની, તે આત્માની નહીં.

**પ્રશ્નકર્તા :** આમાં જે સૂર્યની હાજરી કીધી, દરિયાની હાજરી કીધી, પણ સૂર્યનો પ્રકાશ એ અહીં સુધી અડે છે દરિયાને, એવું આમાં મૂળ આત્માનું કંઈ હોય છે આ વ્યવહારમાં ?

**દાદાશ્રી :** એ તો એવું ખરું ને પણ, એવું એનો પ્રકાશ તો ખરો ને !

**પ્રશ્નકર્તા :** તો એ પ્રકાશ, શ્રદ્ધા... માન્યતા સ્વરૂપે ? એ બિલીફ સ્વરૂપે હોય ?

**દાદાશ્રી :** એ તો જુદું જ એ બે. સૂર્ય તે રૂપ થતો નથી એ, આ સમુદ્રરૂપ થાય જ નહીં કોઈ દહાડોય. સૂર્ય સૂર્યરૂપ જ રહે. અને સમુદ્ર સમુદ્રરૂપપણું છોડે નહીં, પોતપોતાની સ્વસત્તાઓમાં બધા. સત્તા પોતાની છોડે નહીં. ગમે એટલું સામાની ઈફેક્ટ હોય, સામાનું દબાણ હોય પણ સત્તા પોતાની છોડે નહીં. સૂર્ય સૂર્યરૂપ જ રહે ને દરિયો દરિયારૂપ જ રહે. છો ને વરાળ મહીં એ બધી...

**પ્રશ્નકર્તા :** અને જ્યાં સુધી હોય ત્યાં સુધી એનો પ્રકાશ આપ્યા જ કરે.

**દાદાશ્રી :** હં, આપ્યા જ કરે.

**પ્રશ્નકર્તા :** એટલે આ પ્રકાશને સત્તા કહો છો ? સત્તા સ્વરૂપે રહ્યો છે એ પ્રકાશ સ્વરૂપે રહ્યો છે એવું ?

**દાદાશ્રી :** ના, ના.

**પ્રશ્નકર્તા :** તો ?

**દાદાશ્રી :** પોતાની સત્તા ના છોડે, એ સૂર્ય સૂર્ય જ રહે. ગમે એટલું તમે ડખલ કરો તોય એ. એનાથી લોકો સંચા ચલાવે, એનાથી લોકો ઊર્જા લે, એનાથી મોટા મોટા રસોડા ચલાવે, પણ તે એને કશુંય લેવાદેવા નથી એમાં. એ તો સૂર્ય તો સૂર્યરૂપે જ છે. એની પોતાની સત્તા છોડીને કશું કર્યું નથી.

## પ્રકાશ આપનાર નહીં, 'પોતે' જ પ્રકાશ સ્વરૂપ

**પ્રશ્નકર્તા :** પેલું કહો છો ને, ચોરને ચોરી કરવી હોય તોય પ્રકાશ આપે છે, દાનેશ્વરીને દાન આપવું હોય તોય પ્રકાશ આપે છે. એ પ્રકાશ આપવો એ સત્તા કીધી ?

**દાદાશ્રી :** ના.

**પ્રશ્નકર્તા :** એ પણ નહીં.

**દાદાશ્રી :** એ સ્વભાવિક રીતે જ પ્રકાશ થાય છે. સત્તા એટલે તો પાછો કર્તા થાય એ, ક્રિયાકારી થયું. પ્રકાશ આપે એટલે ક્રિયા...

**પ્રશ્નકર્તા :** પ્રકાશ આપે એમ કીધું એટલે ક્રિયાકારી થયું ?

**દાદાશ્રી :** ના, એટલે આપે નહીં ને, સ્વભાવિક ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** એટલે એ પ્રકાશ હાજર જ હોય ત્યાં એમ ?

**દાદાશ્રી :** હા. એ તો લોકોને એમ કહેવું પડે, પ્રકાશ એ આપે છે. એના એ પ્રકાશમાં કામ કરે છે. બાકી આપનાર હોય તો તો પાછો કર્તા થયો.

**પ્રશ્નકર્તા :** એટલે આપનાર નથી, પણ પોતે પ્રકાશ સ્વરૂપે છે એટલે એને અજવાળાનો લાભ મળે છે ચોરી કરનારને.

**દાદાશ્રી :** બસ, બસ, બસ. સૂર્યનારાયણ આવ્યા નથી ત્યાં સુધી આ હું પડદો નહીં ખેંચાવતો, પણ આવે એટલે પડદો ખેંચાવું, તેથી કરીને સૂર્યની સત્તા ઊડી ગઈ ? ના, સૂર્યની સત્તા ઊડી ગઈ નથી, આપણે આમ પડદો બંધ કરી દીધો તો. એ તો પોતાની સત્તામાં જ છે. તમને ના અનુકૂળ આવે તેમાં અમારે શું લેવાદેવા ? કોઈને અનુકૂળ આવે ને કોઈને ના અનુકૂળ આવે, અમારે કશું લેવાદેવા નહીં તમારી જોડે. અમે અમારી સત્તામાં છીએ.

## અહંકાર બિલકુલેય સત્તા વગરનો

સૂર્ય ને દરિયો, બે ગમે એટલા ભેગા થાય પણ કોઈ પોતાની સત્તા છોડે નહીં. કોઈ કશું કોઈને કરી શકે નહીં બેઉને. લોકો એમ જાણે, સૂર્ય આવ્યો તેથી આમાં વરાળ ઉત્પન્ન થઈ, પણ એ લોકોની દૃષ્ટિથી.

**પ્રશ્નકર્તા :** તો આ વરાળ ઉત્પન્ન થઈ એ કોની સત્તાનું કહેવાય ?

**દાદાશ્રી :** કોઈની સત્તા નહીં.

**પ્રશ્નકર્તા :** તો એ વચલું, એ ક્યાં બેસે એ વસ્તુ ?

**દાદાશ્રી :** એ તો સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે. સત્તા આમાં કોઈની આવી જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** પણ આમાં અહંકાર છે, એ પેલી સત્તાવાળો ખરો ને ?

**દાદાશ્રી :** કોઈનીય નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે સ્વભાવિક સત્તા નહીં પણ આ કરવાપણાની સત્તાવાળો ખરો ને અહંકાર ?

**દાદાશ્રી :** કોઈ જાતની સત્તા નહીં, અહંકારમાં સત્તા જ નહીં. બિલકુલ સત્તા વગરનો જો કોઈ હોય તે જ અહંકાર.

**પ્રશ્નકર્તા :** કારણ કે મૂળ વસ્તુ નથી ને !

**દાદાશ્રી :** મૂળ વસ્તુ જ નહીં ને ! ભૂત છે ખાલી, અહંકાર નામનું ઊભું થયેલું ભૂત છે ખાલી. કરે છે કો'ક ને કહે છે 'હું કરું છું' બસ.

**પ્રશ્નકર્તા :** આ તો એક નવું ઈદંતૃતીયમ ઊભું થયું છે.

**દાદાશ્રી :** હા, નવું તૃતીયમ ઊભું થયું...

**પ્રશ્નકર્તા :** એને જ પોતાની સત્તાનું ભાન થાય છે એટલે મોક્ષે જાય છે પછી ?

**દાદાશ્રી :** સત્તા એની છે જ નહીં.

**પ્રશ્નકર્તા :** તો પછી ?

**દાદાશ્રી :** પોતાનું ભાન થાય છે કે 'હું કશું છું જ નહીં.' એટલે પડી જાય.

**પ્રશ્નકર્તા :** એટલે આમાં 'હું છું જ નહીં', પણ આ 'હું છું...'

**દાદાશ્રી :** એ 'હું છું' પછી રહ્યું, જે રહ્યું એ બધું 'હું છું.'

**પ્રશ્નકર્તા :** એટલે આત્મા વિભાગમાં ગયું એ ?

**દાદાશ્રી :** મૂળ વિભાગ, મૂળ જગ્યા ઉપર શ્રદ્ધા એની બેઠી, હજુ આવી ગયો નથી.

**પ્રશ્નકર્તા :** શ્રદ્ધા બેઠી.

## અહંકાર વિલય થયે, ઊડે 'અજ્ઞા'ની સત્તા

**પ્રશ્નકર્તા :** પેલો અહંકાર છૂટે એટલે પોતે મૂળ વસ્તુમાં બેસી ગયો કીધું, તો મૂળ વસ્તુથી જુદો પડ્યો'તો એવું પણ કહી શકાય ને ?

**દાદાશ્રી :** ના, એવું જુદો પડ્યો'તો એવું કશું નહીં. જુદો પડ્યો'તો કે આમ થયો'તો એવું નહીં. આ બધી રોંગ બિલીફો હતી એ ઊડી ગઈ. 'હું ચંદુભાઈ છું' એ ભાન 'જેને' હતું, તેને હું એ ભાન છોડાવું છું ને 'હું શુદ્ધાત્મા છું'નું તેને જ ભાન થાય છે. જે સૂક્ષ્મતમ અહંકાર છે કે જેનો ફોટો ના પડી શકે, જે આકાશ જેવો છે, તેને અનુભવ થાય છે. એટલે એ અહંકાર જ અનુભવ કરનારો છે. પછી અહંકાર વિલય થઈ જાય છે, પછી 'પ્રજ્ઞા' ઊભી થાય. 'અજ્ઞા'ની સત્તા ઊડી જાય છે.

**પ્રશ્નકર્તા :** અનુભવ પામનાર ને અનુભવ જોનાર એ બે જુદા કે એક ?

**દાદાશ્રી :** બેઉ એકના એક જ. દેખ્યો તે એક ને પામ્યો તે એક, બેઉ એકના એક. અહંકારને જો અનુભવ ના થાત તો એ કહેત કે મને અનુભવ ના થયો ને અનુભવ થાય એટલે પ્રજ્ઞાને સત્તા સોંપી દે કે આ તમારી ગાદી. અનુભવ પામ્યો ને અનુભવ જોયો, તે બેઉ એકના એક !

## નિર્જીવ અહંકાર ઓગળે, તેમ તેમ સત્તા પ્રગટે

**પ્રશ્નકર્તા :** દાદાજી, હવે એક બાજુ આત્મા છે એ તો જ્ઞાનસ્વરૂપ છે અથવા એની પોતાની સત્તામાં છે. હવે એક આ અહંકાર ઊભો થયો છે. હવે જે કંઈ બની રહ્યું છે એ બધું અહંકારને બને છે. હવે અહંકાર તો કોઈ વસ્તુ નથી. તો આપે અત્યારે અમને સમજાવ્યું કે આ તું ખોટો છે, આ તું નથી. પણ આત્મા તો એમ નહોતો માનતો કે આ હું છું.

**દાદાશ્રી :** ના, આત્માને માનવાનો સવાલ જ નથી. આત્મા તો વચ્ચે ઉદાસીન જ છે.

**પ્રશ્નકર્તા :** એ ત્યારે મારું એ જ કહેવાનું છે. તો હવે જેવો અહંકાર ઓછો થાય એવો આત્માનો પ્રકાશ ઊઘડતો જાય. એ ક્રિયામાં બીજું કંઈ નથી.

**દાદાશ્રી :** હા, બસ.

**પ્રશ્નકર્તા :** એટલે ખરી રીતે તો અહંકાર જેમ હટી જાય, અહંકાર વસ્તુ એવી છે કે એને અનુભવનો ક્યાં પ્રશ્ન આવે ?

**દાદાશ્રી :** ના. એક અહંકાર તો ગયો, જીવતો અહંકાર ગયો. હવે નિર્જીવ અહંકાર રહ્યો તે છે તે આ...

**પ્રશ્નકર્તા :** આ ખસે એટલે આનું જોર વધે, એટલી જ વાત છે ને ?

**દાદાશ્રી :** નિર્જીવ અહંકારને જે જે આમ છે તે ઉદયકર્મને જોઈએ એટલે એ છૂટતું જાય. બસ સહી કરીને જાય કે હવે ફરી નહીં આવું. જોઈને નિકાલ કરે, જ્ઞાતા-દ્રષ્ટા થઈને. એટલે ફરી નહીં આવું એ નક્કી થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** એટલે જેમ જેમ આત્માનું પોતાનું સ્વપણું બહાર આવતું જાય, એમ એમ...

**દાદાશ્રી :** એ બંધ થતું જાય.

**પ્રશ્નકર્તા :** બસ આટલી જ વાત !

**દાદાશ્રી :** બસ, બસ, એટલી જ વાત છે. પણ આવે ક્યારે ? તે આ જ્ઞાનમાં રહે ત્યારે. અમારી પાંચ આજ્ઞામાં રહે ત્યારે.

**પ્રશ્નકર્તા :** એ તો બરાબર છે. એટલે એ તો આખો અહંકાર કમ્પ્લીટ જાય અને પોતાના સ્વભાવમાં આવે.

**દાદાશ્રી :** બધું જ જવું જોઈએ. જેમ જેમ જાય એમ તેના સ્વભાવમાં આવે. એક ગયું, સજીવ અહંકાર ગયો. નિર્જીવ હવે જેમ જેમ ઓછો થતો જાય, તેમ તેમ પ્રગટપણું થતું જાય.

## અવિનાશી વસ્તુને જ લાગુ પડે સત્તા શબ્દ

**પ્રશ્નકર્તા :** એટલે એક બાજુ આત્મા સંપૂર્ણ સત્તાવાળો અને (બીજી બાજુ) અહંકાર સંપૂર્ણ સત્તા વગરનો એવું ?

**દાદાશ્રી :** હા, એને સત્તા જ ના હોય ને ! (મૂળ) વસ્તુ જ નથી ને ! એ તો બધી વિનાશી વસ્તુઓ અમથી માનેલી. આમ માને એટલે ઊડી ગયું. જો ને, આપણે કહીએ છીએ ને કે કલાકમાં અહંકાર જતો રહે છે. એય કબૂલ કરે છે, મારો જતો રહ્યો.

**પ્રશ્નકર્તા :** અને નહિતર તો જાય જ નહીં ને ?

**દાદાશ્રી :** નહીં તો જાય નહીં.

**પ્રશ્નકર્તા :** એની સત્તા હોય તો કોણ કાઢી શકે ?

**દાદાશ્રી :** લોક કહે છે ને, અહંકાર-મમતા કાઢવા એ તો અનંત અવતારેય ઠેકાણું ના પડે એનું. અને આપણે કહીએ છીએ કે થોડી વારમાં જતો રહ્યો. મૂઓ તેય કબૂલ કરે છે. અને જતો રહ્યો ! વૈજ્ઞાનિક ઢબથી કબૂલ કરે છે. નહીં તો મારી-ઠોકીને કબૂલ કરાવાય છે કે ?

**પ્રશ્નકર્તા :** ના, ના.

**પ્રશ્નકર્તા :** અવિનાશી વસ્તુને જ સત્તા લાગુ પડે ?

**દાદાશ્રી :** બીજા કોઈને લાગુ ના પડે. આ તો બધા એડજસ્ટમેન્ટ્સ.

**પ્રશ્નકર્તા :** પુદ્ગલ પણ સત્તાવાળું કહી શકાય ને ?

**દાદાશ્રી :** બધા પોતપોતાની સત્તામાં છે, સત્તાની બહાર નથી.

## સત્તા છે, માટે પોતાના સ્વભાવમાં છે

**પ્રશ્નકર્તા :** આ ટંકોત્કીર્ણ કહો છો એ બે તત્ત્વો સ્વસત્તામાં રહેલા છે એવું કહેવા માગો છો ? ટંકોત્કીર્ણ એ કંઈક (સત્તાને) ઉદ્દેશીને શબ્દ છે ?

**દાદાશ્રી :** એ સત્તા દેખાડવા, સમજાવવા જઈએ છીએ. સત્તા સમજી લે એટલે ટંકોત્કીર્ણ સમજી જ ગયો તે.

**પ્રશ્નકર્તા :** એટલે પોતે સ્વભાવમાં છે એ જ એની સત્તા કહેવાય ?

**દાદાશ્રી :** ના, સત્તા જ છે. સ્વભાવિક પછી છે. સત્તા છે માટે સ્વભાવમાં છે. શું છે ? સ્વભાવમાં છે એ સત્તા નહીં, સત્તા છે માટે સ્વભાવમાં છે. સત્તા ના હોય તો સ્વભાવ બગાડી નાખે.

**પ્રશ્નકર્તા :** એ સત્તા સ્વભાવિક અને વિભાવિક એવી બે હોઈ શકે ?

**દાદાશ્રી :** ના હોય. એવું કશું બન્યું જ નથી આ. આ તો બધું આ વિભાવિક ને, એ તો વિશેષ જ્ઞાન ઊભું થઈ ગયું છે તે આ ક્રોધ-માન-માયા-લોભ ઊભા થયા તે. તે પાછા પોતાના ગુણો હોય તો જ વિભાવિક કહેવાય. પણ આ વિભાવિક એટલા માટે કહ્યું કે વિશેષ ગુણો ઉત્પન્ન થયા, વિરુદ્ધ નહીં. બેની હાજરીથી, સૂર્ય અને દરિયો બેની હાજરીથી મહીં એ (વરાળ) થાય, તેમાં દરિયાના બાપનું શું જવાનું ? દરિયો દરિયો જ રહે છે, સૂર્ય સૂર્ય જ રહે છે અને આ ઉત્પન્ન થાય છે તે ઉત્પન્ન થયેલાને અસર થાય છે બધી.

## જ્ઞાન-દર્શન સ્વભાવિક ગુણો, સત્તા જુદી વસ્તુ

**પ્રશ્નકર્તા :** એટલે સત્તા એટલે જ્ઞાનસ્વરૂપે રહેલો છે એમ ? જ્ઞાનસત્તામાં રહેલો છે એવું ?

**દાદાશ્રી :** ના. પોતાની સત્તામાં એટલે

પોતાની સત્તાને કોઈ ડખલ કરી શકે નહીં એ સ્વસત્તાવાળા કહેવાય. કોઈ કંઈ પણ કરી શકે નહીં એનું નામ સત્તાવાળા કહેવાય. પોતાની સત્તામાં બીજું તત્ત્વ કશું કરી શકે નહીં એને.

**પ્રશ્નકર્તા :** એટલે દાદાએ સત્તાને એમ કીધું કે જેથી એનું કંઈ બદલાય નહીં, એ એની...

**દાદાશ્રી :** કોઈ કોઈને ફેરવી શકે નહીં.

**પ્રશ્નકર્તા :** ફેરવી શકે નહીં એ એની સત્તા છે, પોતામાં રહેવાની સત્તા છે.

**દાદાશ્રી :** સંપૂર્ણ સત્તા છે એની. કોઈ એની સત્તાને આઘુંપાછું ના (કરી શકે.)

**પ્રશ્નકર્તા :** તો બાકી આ બધા જ્ઞાન-દર્શન એ એના ગુણ કહેવાય ?

**દાદાશ્રી :** એ તો સ્વભાવિક ગુણો. અને એ જ આત્મા. એ સ્વભાવિક ગુણો તે જ આત્મા. આત્મા નામની બીજી કોઈ વસ્તુ નથી.

**પ્રશ્નકર્તા :** અને સત્તા એટલે કે એને કોઈ કંઈ કરી ના શકે એવી સત્તા ?

**દાદાશ્રી :** કશું ના કરી શકે એવી સત્તા, સ્વસત્તા. પોતાની સત્તામાં રહે. દરિયાની સત્તા એ જતી નથી, ગમે એટલો સૂર્ય બૂમાબૂમ કરે કે લોકો કૂદાકૂદ કરે પણ એ સત્તા (ખોતો) નથી.

આત્મા તો પોતાની સત્તા છોડે જ નહીં ને ક્યારેય પણ ! ગમે એટલું પુદ્‌ગલનું (જોર) હોય તોય પણ પોતાની સત્તાને કશું નુકસાન કરે નહીં.

## કેવળજ્ઞાન, સત્તારૂપે કે શક્તિરૂપે ?

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન સત્તારૂપે છે કે શક્તિરૂપે છે ?

**દાદાશ્રી :** એ અમુક દૃષ્ટિએ શક્તિરૂપેય છે ને અમુક દૃષ્ટિએ સત્તારૂપેય છે. બેઉમાં કંઈ ભૂલ નથી.

**પ્રશ્નકર્તા :** અમુક લોકો શક્તિરૂપે માને છે અને...

**દાદાશ્રી :** એ ગમે તે પણ, એ બન્નેય સરખું, લગભગ નિયરલી (નજીકનું) છે, ખોટું નથી. તે સત્તારૂપેય પ્રૂવ (સાબિત) થઈ શકે એમ છે અને શક્તિરૂપેય પ્રૂવ થઈ શકે. એ બધી સમજણ ફેરની વાત છે.

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન સત્તારૂપે એટલે એનું એવું એક્સપ્લેનેશન (ખુલાસો) આપે છે કે જેમ સૂર્યની આજુબાજુ વાદળા છવાઈ ગયા હોય ને એ આવરણ જેમ ધીમે ધીમે નીકળી જાય એમ પેલી સત્તા પ્રગટ થાય. સૂર્ય પેલામાં (વાદળોમાં) તો આવરણમાં, એટલે સત્તામાં તો સૂર્ય પૂર્ણ હાજર છે જ, જ્યારે શક્તિમાં તો એમ કહે છે કે ધીમે ધીમે પ્રગટ થતું જાય છે.

**દાદાશ્રી :** એક કહે, આત્મા શક્તિરૂપે છે ને બીજા કહે છે કે આત્મા સત્તારૂપે છે. એક કહે કે જેમ જેમ શક્તિ ખીલે તેમ શક્તિ પ્રગટ થાય. બીજા કહે છે કે કોઈ જ્ઞાની પુરુષ મળે ને આવરણ તોડી નાખે તો સત્તારૂપે જ છે. વાતેય સાચી છે. આવરણ તોડી નાખે એટલે પરસત્તા ઊડી ને સ્વસત્તામાં આવી ગયો.

બહાર સામાન્ય મનુષ્યોમાં શક્તિરૂપે કેવળજ્ઞાન છે. ખાવાનું પટારામાં છે, કુંચી વગર ઉઘાડાય નહીં અને ખવાય નહીં. તમને મહાત્માને (આ જ્ઞાન લીધા) પછી સત્તારૂપે કેવળજ્ઞાન છે. આટલો ફેર છે તમારામાં અને મૂઢાત્મા મનુષ્યોમાં.

મહીં કેવળજ્ઞાન સત્તામાં પડેલું છે, પણ આજે ઉપયોગમાં નથી આવતું. આ સત્સંગ કરીએ છીએ

તે તેને વ્યકત કરીએ છીએ. એક દહાડો સંપૂર્ણ નિવારણ થઈ જશે એટલે સંપૂર્ણ વ્યકત થઈ ગયું ! પછી મારી માફક તમને પણ આનંદ જશે જ નહીં.

## આત્મજ્ઞાની-કેવળજ્ઞાનીને સત્તાએ કરીને ફેર

**પ્રશ્નકર્તા :** તીર્થંકરો, સાધુ, આચાર્યો એ બધાનામાં ફરક શું છે ?

**દાદાશ્રી :** એ બધાનામાં સત્તાના પ્રકાશ થવામાં ફરક છે. આત્મા 'કેવળજ્ઞાન સ્વરૂપ' છે પણ સત્તાએ કરીને ફેર છે. સત્તા એટલે આવરણને લઈને કેવળજ્ઞાન ના દેખાય, બહારનું દેખાય. સત્તા એની એ જ હોય. જેમ કોઈને દોઢ નંબરના ચશ્મા હોય અને કોઈને ચશ્મા ના હોય તો ફેર પડે ને ? એના જેવું છે. તીર્થંકર સંપૂર્ણ સત્તાધારી છે.

**પ્રશ્નકર્તા :** આ માપ કોણ કાઢી શકે ?

**દાદાશ્રી :** એક તો એ પોતે કાઢી શકે અને બીજું, એમની વાણી !

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાનીની સ્થિતિ અને સિદ્ધક્ષેત્રમાં બિરાજેલા મુક્તાત્મા સિદ્ધાત્માઓની સ્થિતિ, એ બન્નેની તાત્ત્વિક સ્થિતિમાં શું તફાવત છે ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાનની સ્થિતિમાં દેહનો બોજો હોય અને ત્યાંની સ્થિતિમાં કોઈ બોજો ના હોય. દ્રવ્ય-ગુણ-પર્યાય એક જ છે એ સમસત્તાવાન. (પણ) દેહનો ભાર રહ્યો ને ! એટલે (સત્તા) સત્તાપણે છે અને સિદ્ધોને તે પ્રગટપણે છે.

**પ્રશ્નકર્તા :** સત્તાએ સરખાપણું છે.

**દાદાશ્રી :** હા, સરખાપણું છે. કેવળજ્ઞાન થઈ જવું એટલે આત્મા ઍબ્સૉલ્યૂટ થઈ ગયો કમ્પ્લીટ. અને ઍબ્સૉલ્યૂટ થયો, તેને સિદ્ધ જ કહેવાય. આ ફક્ત દેહનો બોજો રહ્યો. સંસારમાં છે ત્યાં સુધી કેવળજ્ઞાન સ્વરૂપ ઉપયોગમય હોય, શુદ્ધ ઉપયોગ હોય. ત્યાં શુદ્ધ ઉપયોગ સહેજે રહે. ખરેખર શુદ્ધ ઉપયોગ જ નહીં, એમ ને એમ સ્વાભાવિક દશા ! સિદ્ધદશા એટલે સ્વાભાવિક દશા છે. ઝળકે અંદર. એમને જોવા જવું (ના) પડે, ઉપયોગ ના દેવો પડે.

## કેવળજ્ઞાન એટલે ફક્ત કેવળ જ્ઞાનસત્તા

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન અને અનંત જ્ઞાનમાં શો ફેર ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાન સિવાય બીજી કોઈ સત્તા વપરાતી નથી તે કેવળજ્ઞાન. જાણવું ને જોવું તે જ સત્તા. આત્મા પોતે જ કેવળજ્ઞાન જ છે. એટલે આ દેહ છે ને, તે સ્થૂળ સ્વરૂપ છે. પછી એની મહીં અંતઃકરણ ને એ બધું સૂક્ષ્મ સ્વરૂપો છે પાછા. અને આત્મા તો કેવળજ્ઞાન જ સ્વરૂપ એટલે પ્રકાશસ્વરૂપ જ છે, બીજું કંઈ છે જ નહીં, પોતે પ્રકાશમય જ છે, બીજું કંઈ સ્વરૂપ જ નથી એનું. કેવળજ્ઞાન સ્વરૂપ ! કેવળ એટલે ઍબ્સૉલ્યૂટ. બીજું કંઈ એમાં ભળેલું નથી. ભેળસેળ નથી, કહે છે. ઍબ્સૉલ્યૂટ જ્ઞાન જ. પોતે જ્ઞાન સત્તામાત્ર છે.

કેવળજ્ઞાન એ સત્તા વાઈઝ છે અને અનંત જ્ઞાન એ આધારી છે. જ્ઞેયો અનંત છે, એટલે જ્ઞાન અનંત છે. ને કેવળજ્ઞાનમાં જ્ઞાનની જ સત્તા, બીજી કોઈ સત્તા નહીં. ગમે તેવી અવસ્થામાં રાગ-દ્વેષ થાય નહીં, ચોર-શેઠ બધા સમાન લાગે. કેવળ પ્રકાશ સત્તા ! ત્યારે લોક તો શુંનું (શું) માની બેઠા છે.

**પ્રશ્નકર્તા :** આમ આપણે એવું બોલીએ ખરા કે 'હું અનંત જ્ઞાનવાળો છું', પણ ખરેખર આત્મા, કોઈ વસ્તુનું પઝેશન તો કરતો જ નથી ને ?

**દાદાશ્રી :** હં...

**પ્રશ્નકર્તા :** એટલે પોતે જ્ઞાનસ્વરૂપ જ છે.

**દાદાશ્રી :** જ્ઞાનસ્વરૂપ જ છે, બીજું કશું નથી. ઍબ્સૉલ્યૂટ જ્ઞાન છે.

**પ્રશ્નકર્તા :** હા, એટલે ગુજરાતીમાં લિટરલી મીનિંગ (શાબ્દિક અર્થ) શું થાય ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાન કહેવાય, કેવળજ્ઞાન ! ઍબ્સૉલ્યૂટ !

**પ્રશ્નકર્તા :** જ્ઞાનનો અર્થ જાણપણું થાય ?

**દાદાશ્રી :** જ્ઞાયકપણું. જ્ઞાયક ભાવ સિવાય બીજો કોઈ ભાવ નથી, એનું નામ કેવળજ્ઞાન.

## જ્ઞાતાની સત્તામાં આવી ગયેલો તે જ્ઞાયક

**પ્રશ્નકર્તા :** જ્ઞાતા અને જ્ઞાયકમાં શો ફેર ?

**દાદાશ્રી :** આત્મા કાયમ જ્ઞાતા-દ્રષ્ટા તો ખરો જ, અજ્ઞાન દશામાં પણ એ હોય. અને જ્ઞાયક એટલે જ્ઞાતાની સત્તામાં આવી ગયેલો તે. એકલું જાણવાનું જ કામ કર્યા કરે, ત્યારે જ્ઞાયક કહેવાય. નહીં તો એ કામ ના કરતા હોય તોય જ્ઞાતા તો કહેવાય. જ્ઞાતા એ જ્ઞાતા અને જ્ઞેય એ જ્ઞેય. અને જ્ઞાયક જ્યારે સત્તામાં હોય ત્યારે જ્ઞાયક કહેવાય. સત્તા એટલે કામ કરતા હોય ત્યારે.

**પ્રશ્નકર્તા :** જાણપણાને આ બાજુ જ્ઞેય છે અને જાણપણાની બીજી બાજુ થોડી કંઈ વાત સાંભળવાનું મન થાય છે, એ કહો.

**દાદાશ્રી :** એ જ્ઞાયક કહેવાય.

**પ્રશ્નકર્તા :** જ્ઞાયક હોય, એને જ્ઞેય અનેક પ્રકારનું હોય કે નહીં ?

**દાદાશ્રી :** જ્ઞાયક છે તે અનંત જ્ઞાનવાળો છે એટલે જ્ઞેયો પણ અનંત હોય. જ્ઞાયક સ્વભાવ છે તે કેવો છે ? અનંત જ્ઞાનવાળો છે. શાથી અનંત જ્ઞાન ભાગ ? જ્ઞેયો પણ અનંત છે એટલે.

**પ્રશ્નકર્તા :** હવે જ્ઞાયકભાવને સ્મૃતિનો સંગ નથી, જ્ઞાયક ભાવને કંઈ આધાર જ હોતો નથી.

**દાદાશ્રી :** આધાર ના જોઈએ.

**પ્રશ્નકર્તા :** હા, તો ત્યાં આગળ પછી શું છે ? જ્ઞાયકની આગળ શું છે ?

**દાદાશ્રી :** કશુંય નહીં. પોતે જ્ઞાયક, જાણનારો પોતે, બધું પોતે જ અને પોતે પોતાને જાણે. કારણ કે અરીસા જેવું, મહીં બધું આ જગત દેખાય. પ્રયત્ન ના કરવો પડે.

**પ્રશ્નકર્તા :** હા, એ તો જાણપણું.

**દાદાશ્રી :** જ્ઞાયક.

**પ્રશ્નકર્તા :** જ્ઞાયક. પણ એમાં જ્ઞાયક આવ્યો ને જ્ઞાયકથી આગળ આપણે આમ જઈએ, ત્યારે શું થાય ?

**દાદાશ્રી :** આગળ ના હોય. એ જ્ઞાયક તેય આ કલ્પિત વ્યવહાર પૂરતો છે, બાકી જ્ઞાયકેય નથી એ. કોઈ શબ્દ છે જ નહીં એ તો. એ તો આપણે વ્યવહારમાં છીએ હજુ ત્યાં જતાં સુધી, ત્યાં પહોંચતા સુધી, આપણે ભાગે આ આવ્યો છે અને જ્યારે ભાગ રહ્યો નહીં ત્યારે એ 'પોતે' રહ્યો. એ પોતે પોતે જ છે. એમાં કોઈ ભાગ નથી, વિભાજન નથી, કશું જ નથી.

દેહમાં જ આત્મબુદ્ધિ, આ હું જ છું, એ જ કેવળ અજ્ઞાન કહેવાય. અને આત્મામાં સંપૂર્ણ આત્મબુદ્ધિ થઈ અને બીજો કોઈ ડખો ન રહ્યો ત્યારે કેવળજ્ઞાન કહેવાય. હા, બસ કેવળ પ્રકાશ જ રહ્યો.

## જ્ઞાન અને જ્ઞાયક અવ્યતિરેક ગુણ

**પ્રશ્નકર્તા :** પ્રકાશ અને પ્રકાશક એ અવ્યતિરેક (અન્વય) ગુણ છે ? જ્ઞાન અને જ્ઞાયક અવ્યતિરેક ગુણ છે ?

**દાદાશ્રી :** હા, એ અવ્યતિરેક ગુણ છે, જ્ઞાન ને જ્ઞાયક. અને પ્રકાશ ને પ્રકાશક. તે પ્રકાશક છે તે વસ્તુ જુદી વસ્તુ છે. જ્ઞાયકને પ્રકાશક કહેવાતો નથી, જ્ઞાયકને જ્ઞાયક કહેવાય છે. કારણ કે લોક, પબ્લિક નહીં સમજી શકે. આ કહેવું હોય તો કહેવાય ખરું, પણ પબ્લિક નહીં સમજી શકે. પ્રકાશક તો અહીંયા આગળ આ જગતને પ્રકાશ કરે છે, એટલે આ બુદ્ધિ પ્રકાશક કહેવાય. અને એ જાણવું એ પ્રકાશ કહેવાય. એટલે બુદ્ધિને જાણનારો જે...

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ પ્રકાશ કરે છે એવું જે જાણે...

**દાદાશ્રી :** તે પ્રકાશક કહેવાય. પ્રકાશક એ બુદ્ધિના આધારે, અને જે જાણ્યું...

**પ્રશ્નકર્તા :** જેના આધારે જાણે છે એ પ્રકાશ ?

**દાદાશ્રી :** એ પ્રકાશ.

**પ્રશ્નકર્તા :** એટલે પ્રકાશ-પ્રકાશક અવ્યતિરેક ગુણ છે ?

**દાદાશ્રી :** હા, અવ્યતિરેક એટલે એક જ હોય, જુદા ના હોય.

**પ્રશ્નકર્તા :** એવી રીતે જ્ઞાન અને જ્ઞાયક અવ્યતિરેક ?

**દાદાશ્રી :** હા, અવ્યતિરેક.

## 'કેવળ' દેખાડે એ કેવળજ્ઞાન સત્તાનું જ્ઞાન

**પ્રશ્નકર્તા :** દાદા, તમને આ જ્ઞાન ક્યાંથી નીકળે છે ?

**દાદાશ્રી :** આ સત્તા જ્ઞાન છે. અમને યાદ ના હોય કશું. જ્ઞાનમાં બધું ઝળકે. એટલે આપણે કહી શકીએ આમ. આ હું જે બોલું છું ને, તે ઝળકેલી વસ્તુ બોલું છું. એ જ સાયન્સ છે અને એને જ 'સત્તા જ્ઞાન' કહ્યું. કેવળજ્ઞાનની સત્તા છે ને એ સત્તાનું જ્ઞાન, સહજ નીકળ્યા કરે.

આ અમને કેવળજ્ઞાન સત્તામાં છે, અમારા એમાં નથી, પ્રવર્તનમાં નથી. સત્તામાં છે એટલે દર્શનમાં આવેલું છે. એટલે ભૂલવાળું વાક્ય નીકળે નહીં. કારણ કે અમે પુસ્તકનું વાક્ય જ નથી બોલતા, કેવળજ્ઞાનની જ વાત બોલીએ છીએ. જેને કોઈ દહાડો ચેકો ના મારવો પડે એવી.

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન સત્તામાં હોય, એનો અર્થ શું ?

**દાદાશ્રી :** સત્તાપણે એટલે, સત્તાપણું તો બધાનામાં છે જ, સત્તાપણે તો રહેલું, પણ સત્તા દર્શનમાં આવેલી છે. જ્ઞાનમાં નથી આવી ફક્ત, સમજવામાં આવ્યું છે. એટલે અજાયબી છે આ કાળની ! ધન (ધન્ય) છે કે જે મોઢે બોલ્યાથી જ બધું જ્ઞાન ! પુસ્તક વાંચ્યું જ નથી ને ! પુસ્તકની વાત જ નહીં ને !

આ બધું તમે શું જોઈ રહ્યા છો ? શું સાંભળી રહ્યા છો ? ત્યારે કહે છે, જોઈ રહ્યા છીએ કેવળજ્ઞાન ને સાંભળી રહ્યા છીએ કેવળજ્ઞાન !

**પ્રશ્નકર્તા :** જોઈ રહ્યા છીએ કેવળજ્ઞાન ને સાંભળી રહ્યા છીએ કેવળજ્ઞાન ?

**દાદાશ્રી :** હા, કારણ કે આ પ્રકાશ કોનો ? ત્યારે કહે, કેવળજ્ઞાનનો. કયા પ્રકાશથી બોલો છો આપ ? ત્યારે કહે, કેવળજ્ઞાનના પ્રકાશથી. એટલે તમે કેવળજ્ઞાન જોઈ શકો છો ને કેવળજ્ઞાન સાંભળી શકો છો ! એવું એટલે સુધી બેઠા છો, પછી હવે શું જોઈએ એથી વધારે ?

**જય સચ્ચિદાનંદ**

## મનોરંજન કે આત્મરંજન ?

બે પ્રકારનાં રંજન : એક મનોરંજન અને એક આત્મરંજન. જગતે આત્મરંજન ચાખ્યું જ નથી. બધું મનોરંજન ચાખ ચાખ કર્યુ છે. જ્યાં જુઓ ત્યાં મનોરંજન, મનોરંજન ! મનોરંજન બે પ્રકારનાં. એક અધોગતિમાં લઈ જાય એવાં, આ સીનેમા અને એ બધા કુસંસ્કારો. અને સારા સંસ્કારવાળાં મનોરંજન હોય, તે ધર્મની વાતો થતી હોય કે ધ્યાનની વાતો થતી હોય, એ જરા ઊંચી ગતિમાં લઈ જનારાં, સારા સંસ્કારવાળાં, પણ એ મનોરંજન કહેવાય. મનોરંજનથી મન ખુશ થાય પણ અંતરશાંતિ કોઈ દહાડો થાય નહીં, આત્મરંજન ક્યારેય પણ થાય નહીં. આત્મરંજન જ્યાં સુધી થાય નહીં ત્યાં સુધી આકુળતા-વ્યાકુળતા જાય નહીં. મનોરંજનથી આકુળતા-વ્યાકુળતા કંઈ જાય નહીં. એ તો જરાક આકુળ ને વ્યાકુળ રહ્યા કરે. માછલાને પાણી બહાર નાખેલું હોય ને, તો તરફડ્યા કરે, એવો તરફડાટ તરફડાટ જીવમાત્રને મહીં થઈ રહ્યો હોય, આખો દહાડો. નાનું બાળક હોય તેય તરફડ્યા કરે.

અહીં આગળ રિયલની વસ્તુ છે એટલે આત્મરંજન થાય. બીજે બધે મનોરંજન થાય, પછી જ્યાં જાય ત્યાં મનોરંજન થાય. મનોરંજન એટલે શું, ત્યાં આગળ ખુશ ખુશ ખુશ થાય. આમ કૂદાકૂદ કરે, જેમ પાણી ઉકળતું હોય તેમ. અને પાછો નીચે ઉતરે ત્યારે હતો તેવો ને તેવો જ. અહીં તો બધું ચેન્જ મારી દે. આખો પલટો જ ખાઈ જાય ! માણસનો પલટો જ ખાઈ જાય.

**પ્રશ્નકર્તા (મહાત્મા) :** આત્મજ્ઞાનીનો આનંદ, જેને આત્મસાક્ષાત્કાર થયો છે તેનો, અને અમને જે દુનિયામાં આનંદ મળે છે, એનાં કરતાં આત્મજ્ઞાનીનો આનંદ કેવો હશે ? એ કોઈ દિવસ અમારા સમજમાં નથી આવતો.

**દાદાશ્રી :** હજી તમને સમજવામાં નથી આવતો ?

**પ્રશ્નકર્તા :** નથી આવ્યો એટલે જ ફરી પૂછું છું.

**દાદાશ્રી :** તમને ખબર છે કે મનનો આનંદ અને આ તમને આત્માના આનંદમાં ફેર પડી ગયો ?

**પ્રશ્નકર્તા :** હા, એ મનનો આનંદ જે છે તે અને આત્માનો આનંદ, બે છે તે તદ્દન જુદા છે એવો અનુભવ થાય છે, આપના જ્ઞાન આપ્યા પછીથી.

**દાદાશ્રી :** એ તો એક જ દહાડામાં આનંદની ખબર પડી જાય. કારણ કે મનનો આનંદ, એમાં મસ્તી વધે. મન વપરાય તો મસ્તી વધે, મનનો ઉપયોગ થાય તો, અને આ મનનો ઉપયોગ ના થાય ત્યાં પોતાનો આનંદ.

**પ્રશ્નકર્તા :** આત્માનો આનંદ સ્વાભાવિક આનંદ હોય ?

**દાદાશ્રી :** એમાં મનથી લઈ શકાય જ નહીં, ત્યારે આત્માનો આનંદ થાય. મનથી લઈ શકાય ત્યારે મસ્તીમાં હોય. એટલે તમને નિરંતર આત્માનો આનંદ રહે છે. જે કંઈ આનંદ રહેતો હોય તે, આત્માનો આનંદ રહે છે પણ તે ઓળખાય નહીં કે આ ક્યાંથી આવ્યો! બીજા લોકો સમજી જાય કે આ ભાઈને આત્માનો આનંદ વર્તે છે. પહેલાં નહોતો વર્તતો એ પણ સમજી જાય. કારણ કે પહેલાં મોઢા પર માનસિક અસરો થયેલી હોય !

**- પરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાનવાણીમાંથી સંકલિત**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના અડાલજમાં આગામી સત્સંગ કાર્યક્રમો

**૯ ઓગષ્ટ** (શનિ) સાંજે ૫ થી ૭ - **સત્સંગ** તથા **૧૦ ઓગષ્ટ** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૧૬ ઓગષ્ટ** (શનિ) રાત્રે ૯-૩૦ થી ૧૨-૧૫ - **જન્માષ્ટમી નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૨૦ થી ૨૭ ઓગષ્ટ** (બુધ થી બુધ) - **આપ્તવાણી ૧૪ ભાગ-૪** ગ્રંથ પર **પર્યુષણ પારાયણ**

**સમય :** સવારે ૧૦ થી ૧૨-૩૦ અને સાંજે ૪-૩૦ થી ૭

**૨૮ ઓગષ્ટ** (ગુરુ) - **પૂજ્યશ્રીના દર્શનનો કાર્યક્રમ (ગુરુપૂર્ણિમા દર્શન)**

**નોંધ :** આપ્તવાણી ૧૪ ભાગ-૪ પેજ નં ૨૦૮થી વાંચન, 'મહાત્માઓની સ્વપરિણતિ' હેડિંગથી.

- પારાયણમાં ભાગ લેવા તેમજ દર્શન માટે **'AKonnect'** દ્વારા અથવા પોતાના સેન્ટરમાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**૨૦ ઓક્ટોબર** (સોમ) - રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ **દિવાળી** નિમિત્તે વિશેષ ભક્તિ

**૨૨ ઓક્ટોબર** (બુધ) - **નૂતન વર્ષ** નિમિત્તે વિશેષ કાર્યક્રમ

## Atmagnani Pujya Deepakbhai's UAE - Kenya Schedule - 2025

8 to 10 Sep. Kenya Shibir
12 & 14 Sep. Nairobi Satsang
13 Sep. Nairobi **Gnanvidhi**
Contact No. Kenya (+254) 7347 57683

17 & 19 Sep. Dubai Satsang
18 Sep. Dubai **Gnanvidhi**
21 to 23 Sep. UAE Shibir
Contact No. Dubai (+971) 055 731 6937

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**
- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૭ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 (हिन्दी में)
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8 और दोपहर 3 से 4 (हिन्दी में)
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-45 (मराठी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)
- **'दूरदर्शन चंदना'** पर हर रोज़ सुबह 7 से 7-30 (कन्नड़ा में)

**UK**
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT

**USA-UK-Africa-Aus.**
- **'આસ્થા ગ્લોબલ'** પર સોમથી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦ (ડિશ ટીવી ચેનલ UK-૮૪૯, USA-૭૧૯) (ગુજરાતી અને હિન્દીમાં)

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335
**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## શિકાગો : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૬ - ૨૭ જૂન ૨૦૨૫



સત્સંગ - જ્ઞાનવિધિ

સ્વામિનારાયણ મંદિરે દર્શન

## ઓસ્ટીન : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨ - ૩ જુલાઈ ૨૦૨૫



ઈન્ટરેક્શન

સત્સંગ

## જેક્સનવિલ : ગુરુપૂર્ણિમા ઉજવણી : તા. ૬ થી ૧૧ જુલાઈ ૨૦૨૫



સ્વાગત

પૂજન - આરતી

સત્સંગ

દર્શન

ઓગસ્ટ ૨૦૨૫
વર્ષ-૩૦, અંક-૧૨
સળંગ અંક-૩૬૦

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## સ્વસત્તાનું ભાન થાય તો પોતે પરમાત્મા થાય

'તમે કોણ છો' એ જ તમે જાણતા નથી. તમે ચંદુભાઈને જ 'હું છું' એમ માનો છો. તે તો પરસત્તા છે, એમાં તમારું શું ? તમે પરસત્તાને આધીન છો. હેઠ સુધી પરસત્તા છે, ભમરડો છે ! બધું 'વ્યવસ્થિત'ને આધીન છે. ખાઓ છો, પીઓ છો, લગ્નમાં જાઓ છો, તે પરસત્તાને આધીન છે. ક્રોધ, માન, માયા, લોભ થાય છે તે પરસત્તાને આધીન થાય છે. તમે પરક્ષેત્રે બેઠા છો, પરના સ્વામી થઈ બેઠા છો અને સત્તાય પરસત્તા વાપરો છો. 'સ્વ'ને, સ્વક્ષેત્રને અને સ્વસત્તાને જાણતા જ નથી. તમારી સ્વસત્તા તમે જાઈ નથી, તેનું તમને ભાન નથી. સ્વસત્તાનું ભાન થાય તો તે પોતે પરમાત્મા થઈ શકે છે. એક ક્ષણ વાર પણ સ્વસત્તાનું ભાન થાય તો તે પરમાત્મા થાય!

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.